અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ ઓક્ટોબર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૩ | અંક : ૧૧૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### બેંગલુરુ ટેસ્ટમાં ભારતની બીજી ઈનિંગ ૪૬૨ રનમાં સમેટાઈ ગઈ

# બેંગલુરુ ટેસ્ટમાં ભારત પર હારનો ખતરો ન્યુઝીલેન્ડને મળ્યો ૧૦૭ રનનો ટાર્ગેટ

## ભારત તરફથી સૌથી વધુ સરફરાઝ ૧૫૦ અને રિષભ પંત ૯૯ રન બનાવ્યા હતા : આ સાથે ભારતે ન્યુઝીલેન્ડ સામે ૧૦૬ રનની લીડ મેળવી છે



। (એજન્સી) બેંગલુરુ, તા.૧૯ ।
ભારતીય ટીમ બીજી ઈનિંગમાં ૪૬૨ રનમાં સમેટાઈ ગઈ છે. ભારત તરફથી સૌથી વધુ સરફરાઝ ૧૫૦ અને રિષભ પંત ૯૯ રન બનાવ્યા હતા. આ સાથે ભારતે ન્યુઝીલેન્ડ સામે ૧૦૬ રનની લીડ મેળવી છે એટલે ન્યુઝીલેન્ડ ૧૦૭ રનનો ટાર્ગેટ આપ્યો છે. બીજી ઈનિંગમાં ભારત તરફથી સરફરાઝ ખાને સદી ફટકારી છે.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ત્રણ મેચની ટેસ્ટ સીરિઝની પ્રથમ ટેસ્ટ બેંગલુરુમાં રમાઈ રહી છે. આજે મેચનો ચોથો દિવસ છે. ભારતીય ટીમે ન્યુઝીલેન્ડને જીતવા માટે ૧૦૭ રનનો ટાર્ગેટ આપ્યો છે. ભારતે તેના બીજી ઈનિંગમાં ૪૬૨ રન બનાવ્યા હતા. એક સમયે ભારતીય ટીમનો સ્કોર ત્રણ વિકેટે ૪૦૮ રન હતો, પરંતુ સરફરાઝ ખાનના આઉટ થયા બાદ સતત વિકેટો પડતી રહી હતી. ભારતે ૫૪ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી.

નોંધનીય છે કે ભારતની પહેલી ઈનિંગમાં બેટિંગ ઓર્ડર ધરાશાયી થયો હતો અને ટીમ માત્ર ૪૬ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમે શાનદાર બેટિંગ કરતા ૪૦૨ રન બનાવ્યા હતા અને ભારત પર ૩૫૬ રનની લીડ મળી હતી. ન્યુઝીલેન્ડ તરફથી રચિન રવીન્દ્રએ ૧૩૪ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ભારતે બીજી ઈનિંગના શાનદાર પ્રદર્શનને આધારે ન્યુઝીલેન્ડને ૧૦૭ રનનો ટાર્ગેટ આપ્યો છે જે સામાન્ય રીતે આસાનીથી હાસંલ કરી શકાય છે. જો કે ન્યુઝીલેન્ડ ટીમની બેટિંગ જોતા આ ટાર્ગેટ સાવ ઓછો છે અને બીજી તરફ મેચમાં હજુ એક દિવસ બાકી છે અટલે ભારતે આ મેચ જીતવા માટે બોલિંગમાં ખૂબ જ ધારદાર પ્રદર્શન કરવું પડશે અને અશક્ય ને શક્ય કરી બતાવવું પડશે તો જ મેચ જીતી શકે છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી પહેલી ટેસ્ટ મેચના ચોથા દિવસે સરફરાઝ ખાન શાનદાર પ્રદર્શન કરી સદી ફટકારી હતી. ત્રીજા દિવસે સરફરાઝ ૭૦ રન બનાવીને અણનમ રમી રહ્યો હતો. અને ચોથા દિવસે તેણે થોડા સમય બાદ પોતાની સદી પૂરી કરી હતી. સદી પૂરી કર્યા બાદ તેણે શાનદાર ઉજવણી કરી હતી. આ દરમિયાન તેને ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા, વિરાટ કોહલી અને કોચ ગૌતમ ગંભીર તરફથી પણ સન્માન મળ્યું હતું. જયારે સરફરાઝ ખાને સદી કરી ત્યારે ભારતીય ટીમના ખેલાડીઓએ તેને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું. કેપ્ટન રોહિત શર્મા, વિરાટ કોહલી અને ગૌતમ ગંભીર ઊભા થઈને તાળીઓથી સરફરાઝનું અભિવાદન કરતા જોવા મળ્યા હતા. આ સિવાય યશસ્વી જયસ્વાલ, આર અશ્વિન અને રવિન્દ્ર જાડેજા જેવા કેટલાક ખેલાડીઓએ પણ સરફરાઝને સન્માન આપ્યું હતું. તેની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ હતી. આ મેચમાં સરફરાઝે ૧૧૦ રનનો સામનો કરીને ૧૩ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી પોતાની સદી પૂરી કરી શકી હતી. ટેસ્ટમાં આ તેની પહેલી સદી હતી. સરફરાઝ ૧૯૫ બોલનો સામનો કરી ૧૫૦ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. આગાઉ સરફરાઝ ખાન પહેલી ઈનિંગમાં ૦ રને આઉટ થયો હતો.

### ભારતમાં સલમાનની નવી કાર ઉપલબ્ધ નથી

# સલમાન ખાને પોતાની સુરક્ષા માટે દુબઈથી મંગાવી બુલેટ પ્રુફ કાર

## સલમાન ખાન છેલ્લા ઘણા સમયથી લોરેન્સ બિશ્નોઈ ગેંગના નિશાના પર છે : કારની કિંમત લગભગ ૨ કરોડ





। (એજન્સી) મુંબઇ, તા.૧૯ ।
બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને મળેલી લેટેસ્ટ ધમકીઓ બાદ તે પોતાની સુરક્ષા વ્યવસ્થાને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યો છે. સલમાન ખાન છેલ્લા ઘણા સમયથી લોરેન્સ બિશ્નોઈ ગેંગના નિશાના પર છે અને બાબા સિદ્દીકીની હત્યા બાદ ભાઈજાનને ફરી એકવાર એ જ ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. આ પછી સલમાન ખાનની સુરક્ષા ઘણી વધારી દેવામાં આવી છે. તેના ઘરની બહાર એક અસ્થાયી પોસ્ટ બનાવવામાં આવી છે અને હવે સમાચાર છે કે સલમાન ખાન પણ આ બાબતને ખૂબ ગંભીરતાથી લઈ રહ્યા છે. સમાચાર છે કે સલમાન ખાને પોતાના માટે નવી બુલેટપ્રૂફ કાર ખરીદી છે. બોલિવૂડ સોસાયટીના રિપોર્ટ અનુસાર, સલમાન ખાને બુલેટપ્રૂફ નિસાન પેટ્રોલ એસયુવી ખરીદી છે. આ કાર ભારતીય બજારમાં ઉપલબ્ધ ન હોવાથી સલમાન ખાન તેને દુબઈથી ખરીદી રહ્યો છે. કારની કિંમત લગભગ ૨ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ સિવાય તેને ભારતમાં લાવવા માટે ઈમ્પોર્ટ ડ્યૂટી અને અન્ય પ્રકારના ટેક્સ પણ ચૂકવવા પડશે. મહત્વનું છે કે બિશ્નોઈ ગેંગે સલમાન ખાન પાસેથી ૫ કરોડ રૂપિયા માંગ્યા છે અને કહ્યું છે કે જો તેને જીવિત રહેવું હોય તો તેણે લોરેન્સ ગેંગ સાથેની દુશ્મની ખતમ કરવી જોઈએ. સલમાન ખાનની નવી કારની વાત કરીએ તો ઓનલાઈન ઉપલબ્ધ આ કારની વિશેષતાઓમાં એ પણ સામેલ છે કે તેમાં ઘણા ફીચર્સ છે જે તેને સુરક્ષાના દૃષ્ટિકોણથી ખાસ બનાવે છે. ઉદાહરણ તરીકે, તેમાં વિસ્ફોટક સૂચકાંકો સ્થાપિત કરવામાં આવ્યા છે અને તેની કાચની ઢાલ પોઈન્ટ બ્લેક્ક બુલેટ શોટ સામે રક્ષણ આપવા માટે પૂરતી જાડી છે. આટલું જ નહીં આ વાહનના કાચ એવી રીતે બનાવવામાં આવ્યા છે કે બહારથી જોનાર વ્યક્તિને ખબર ન પડી શકે કે ડ્રાઈવર કે પાછળ બેઠેલી વ્યક્તિ ક્યાં છે. અગાઉ ગયા વર્ષે પણ સલમાન ખાને UAEથી બુલેટપ્રૂફ કાર મંગાવી હતી જ્યારે તેને અને તેના પિતા સલીમ ખાનને ધમકીઓ મળી હતી.

## ન્યૂઝ બ્રિફ

### ઈન્ડિગોના ૫ વિમાનોને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીના કોલથી ખળભળાટ

। મુંબઈ, તા.૧૯ ।
હાલમાં દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે, જેના કારણે હાલમાં એરપોર્ટ પર લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. અને તહેવારોની સિઝનમાં ધમકીભર્યા કોલથી લોકોમાં ભયનો માહોલ સર્જાય છે. આખરે આ લોકો કોણ છે જેઓ આવી ધમકીઓ આપી રહ્યા છે, અને શા માટે આવી ધમકીઓ આપી રહ્યા છે, તેની તપાસ કરવામાં આવી રહી છે. એરલાઈન્સને બોમ્બથી ઉડાવી દેવાની સતત ધમકીના કોલ વધી રહ્યા છે. આજે ફરી ઈન્ડિગોના ૫ વિમાનોને બોમ્બની ધમકીના કોલ મળ્યા છે.

### મીઠું ઝેર સમાન છે, દર વર્ષે તેનાથી ૧૮ લાખ લોકોના મોત

। નવી દિલ્હી, તા.૧૯ ।
જો ખોરાકમાં મીઠું ન હોય તો ખાવાનો સ્વાદ નહીંવત્ થઈ જાય છે. મીઠા વગર આજે તમે તમારા જીવનની કલ્પના પણ નથી કરી શકતા. મીઠું કેટલું જરૂરી વસ્તુ છે, તેનો અંદાજ તમે આ વાતથી લગાવી શકો છો કે તેના માટે ભારતમાં એક રાષ્ટ્રવ્યાપી આંદોલન થયું હતું. તમે તેને દાંડી યાત્રા અથવા મીઠા સત્યાગ્રહના નામથી જાણો છો. ચાલો હવે આ લેખમાં તમને જણાવીએ કે મીઠું આપણા શરીર માટે કેટલું જરૂરી છે અને તેનાથી દર વર્ષે કેટલા લાખ લોકોના મૃત્યુ થાય છે.

### હવે કેન્દ્ર લેશે અંતિમ નિર્ણય

# જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાના પ્રસ્તાવને LGની મંજૂરી

## કેબિનેટે આ પ્રસ્તાવને ગુરુવારે જ મંજૂરી આપી દીધી હતી, પરંતુ ઉપરાજ્યપાલ દ્વારા આજે સ્વીકારવામાં આવ્યું

। (એજન્સી) જમ્મુ, તા.૧૯ ।
કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં સત્તામાં આવતા જ ઓમર અબ્દુલ્લા સરકારે જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા ઉપ-રાજ્યપાલ સમક્ષ પ્રસ્તાવ મુક્યો હતો. હવે સરકારના આ પ્રસ્તાવને ઉપ-રાજ્યપાલે મંજૂરી પણ આપી દીધી છે. ઓમર અબ્દુલ્લા કેબિનેટે આ પ્રસ્તાવને ગુરુવારે (૧૭ ઓક્ટોબર) જ મંજૂરી આપી દીધી હતી, પરંતુ ઉપરાજ્યપાલ દ્વારા આજે (૧૯ ઓક્ટોબર) તેને સત્તાવાર રીતે સ્વીકારવામાં આવ્યું છે. જો કે, આ અંગે અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની અધ્યક્ષતામાં ગુરુવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે સર્વસંમતિથી પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવો એ એક પ્રક્રિયાની શરૂઆત હશે, જેનાથી જમ્મુ અને કાશ્મીરના લોકોના બંધારણીય અધિકારોને પુનઃ પ્રાપ્ત કરી શકાશે અને તેમની ઓળખની રક્ષા કરી શકાશે. ઓમર અબ્દુલ્લા ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીરની વિશિષ્ટ ઓળખ અને લોકોના બંધારણીય અધિકારોની સુરક્ષાના વચનો આપીને સત્તામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા આ સંબંધમાં વડાપ્રધાન અને કેન્દ્રીય મંત્રીઓને મળવા થોડાક દિવસોમાં દિલ્હી જશે.

### બેન્જામિન નેતન્યાહુ માંડ બચ્યા

# ઇઝરાયેલી વડાપ્રધાનના ઘર ઉપર કરાયેલો ડ્રોન હુમલો


## આ હુમલામાં અન્ય કોઈ જાનહાનિ થઈ ન હતી : આ હુમલો કોણે કર્યો છે તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૯ ।
હમાસ ચીફ યાહ્યા સિનવારના મોતના ૭૨ કલાક બાદ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના નિવાસસ્થાન પર ડ્રોન હુમલાના સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. ઈઝરાયેલ સરકારે કહ્યું કે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના નિવાસસ્થાન તરફ શનિવારે ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલા બાદ સમગ્ર ઈઝરાયેલમાં ખળભળાટ મચી ગયો છે. આ હુમલામાં નેતન્યાહુ માંડ માંડ બચ્યા હતા. આ હુમલામાં અન્ય કોઈ જાનહાનિ થઈ ન હતી. આ હુમલો કોણે કર્યો છે તે હજુ સ્પષ્ટ થયું નથી. દરમિયાન ઈઝરાયેલની સેનાએ એ પણ જણાવ્યું નથી કે જ્યારે હુમલો થયો ત્યારે નેતન્યાહુ ત્યાં હાજર હતા કે નહીં. પરંતુ નિશ્ચિતપણે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે નેતન્યાહુ સંપૂર્ણપણે સુરક્ષિત છે. કહેવામાં આવી રહ્યું છે કે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. હુમલા બાદ ઈઝરાયેલની સેના અને સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. નેતન્યાહુના નિવાસસ્થાન પર ડ્રોન હુમલા બાદ ઈઝરાયેલના વડાપ્રધાન કાર્યાલયે એક નિવેદન જાહેર કર્યું છે.

# હવાઈ સફર કરતા લોકો માટે ફરવા જવું મોંઘું પડશે

। નવી દિલ્હી, તા.૧૯ ।
જો તમે દિવાળીના સમયે હવાઈ યાત્રા કરવા ઈચ્છો છો તો આ આર્ટીકલ તમારા માટે જ છે. હવાઈ સફર કરતા લોકો માટે ફરવા જવું મોંઘું પડશે.

હાલ ડોમેસ્ટિક-ઈન્ટરનેશનલ ફ્લાઈટના ભાડામાં ૫૦૦૦થી ૨૦,૦૦૦નો વધારો થયો છે. આ વર્ષે ઈન્ટરનેશનલ ડેસ્ટિનેશનમાં બાલી અને થાઈલેન્ડ હોટ ફેવરિટ છે. જ્યારે દેશમાં કેરળ અને કાશ્મીર જવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આ વર્ષે ગુજરાતીઓ શ્રીનગર, કોચીન, ગોવા, બાગડોગ્રા, કોલકાત્તા અને દિલ્હી માટે અમદાવાદથી સીધી ફ્લાઈટ પંસદ કરી રહ્યા છે કારણ કે, કાશ્મીર, કેરળ, ગોવા, સિક્કિમ અને નોર્થ ઈસ્ટનાં રાજ્ય તથા ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ પણ હોટ ફેવરિટ ડેસ્ટિનેશન છે. દિવાળી વેકેશન દરમિયાન લોકો ફરવા માટે વિવિધ રાજ્યો અને શહેરોમાં જતા હોય છે, ત્યારે દિવાળીના ૧૫ દિવસ પહેલાં જ ટ્રેનોમાં બુકિંગ ફુલ થઈ ગયું છે. ત્યારે દિવાળની રજાઓમાં સુરતથી બહાર જવાનું પ્લાનિંગ કરનારા લોકો માટે ફ્લાઈટની ટિકિટ્સના ભાવ આંચકા સમાન બની રહ્યાં છે.



## કચ્છમાં વિદ્યાર્થિનીને ફસાવીને ભગાડી જનારો શિક્ષક પંજાબથી ઝડપાયો

। (એજન્સી) ભૂજ, તા.૧૯ ।

કચ્છના અંજાર તાલુકાના ગામમાં ટયુશન કલાસીસના શિક્ષક નીખીલ વાસુદેવ સેવકાણી ટયુશનમાં આવતી છાત્રાને પ્રેમજાળમાં ફસાવીને ભગાડી ગયો હતો. આ મામલે અંજાર પોલીસે આ શિક્ષકને છેક પંજાબથી ઝડપી પાડયો છે. અંજાર વિસ્તારમાં રહેતી સગીર છોકરી ટયુશન જતી હતી, તે ટયુશનનો શિક્ષકે તેને લલચાવી ફોસલાવી પોતાની પ્રેમજાળમાં ફસાવી અંજારથી અલગ અલગ જગ્યાએ અમૃતસર પંજાબ ખાતે ભગાડી લઈ ગયો હતો. આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ભોગ બનનાર તથા આરોપીને શોધવા અલગ અલગ ત્રણ ટીમો બનાવાઈ હતી.

## ૧૦૦ કરોડથી વધુના હવાલા કરનારા પિતાપુત્રની ધરપકડ અને રિમાન્ડ પર લેવાયા

। અમદાવાદ, તા.૧૯ ।

સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનમાંથી હવાલા મારફતે રૂપિયા યુએસડીટીમાં કન્વર્ટ કરવાના રેકેટમાં સામેલ પિતા-પુત્ર અને અન્ય એક આરોપીને ચાર દિવસના રિમાન્ડ પર લીધા છે. પૂછપરછ દરમિયાન ઘણા મોટા ખુલાસા થઈ રહ્યા છે. પિતા-પુત્રના ૯ બેંક ખાતા ઉપરાંત પોલીસને વધુ ૧૫ બેંક ખાતાની માહિતી મળી છે. આરોપી મકબુલે દુબઈ રેસિડેન્સ કાર્ડના આધારે ચીનમાં બેંક ખાતું ખોલાવ્યું છે. આ લોકો પાસેથી એક લાખથી વધુનું વિદેશી ચલણ મળી આવ્યું છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે સોની ફળિયા સિંધીવાડમાં સફિયા મંઝિલમાં દરોડો પાડી મકબૂલ અબ્દુલ રહેમાન ડૉક્ટર, તેના પુત્ર કાસિફ મકબૂલ ડૉક્ટર અને માઝ અબ્દુલ રહીમ નાડાની ધરપકડ કરી હતી. છેલ્લા બે વર્ષમાં આ લોકોએ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન કર્યા છે. આરોપી મકબૂલ પાસે દુબઈનો રેસિડેન્સ વિઝા છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે અત્યાર સુધીમાં પિતા-પુત્રના નવ બેંક ખાતા જપ્ત કર્યા છે. પરંતુ આ ત્રણેય આરોપીઓના મોબાઈલ ફોનમાંથી અનેક બેંક ખાતા મળી આવ્યા છે. હાલમાં તેના એક મોબાઈલ ફોનમાંથી ૧૫ થી વધુ બેંક ખાતાઓની પ્રથમદર્શી વિગતો મળી આવી છે.

# બરોડા મેનેજમેન્ટ એસોસિએશન સ્ટાર્ટઅપ સિર્નજીમાં મુખ્યમંત્રી ભુપેદ્ર પટેલ રહ્યા હાજર





બરોડા મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં રૂ.૫ લાખ ૧૧ હજાર એકસો એકનો ચેક મુખ્યમંત્રીને અર્પણ કર્યો

### સી.આર.પાટીલ ભાજપના સક્રિય સભ્ય બન્યા

## ભાજપના ૪૫ દિવસમા અંદાજે એક કરોડ ૮ લાખ પ્રાથમિક સભ્ય નોંધાયા



। અમદાવાદ, તા.૧૯ ।

દેશભરમા ભારતીય જનતા પાર્ટી પ્રાથમિક સભ્ય બનાવવાનુ અભિયાન ચાલી રહ્યુ છે અને પ્રાથમિક સભ્ય બન્યા પછી હવે ભારતીય જનતા પાર્ટીના સક્રિય સભ્ય બનવાનો પ્રારંભ આજથી શરૂ થયો છે ત્યારે આજે ગાંધીનગર પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ પાર્ટીના સક્રિય સભ્ય તરીકેનું ફોર્મ ભર્યુ હતું. આ કાર્યક્રમ સંદર્ભે પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયાએ વધુ માહિતી આપતા જણાવ્યું કે, રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પણ સક્રિય સભ્ય તરીકે ફોર્મ થોડા દિવસોમાં ભરાવવામા આવશે. સમગ્ર ગુજરાતમા સંગઠનના પદાધીકારીઓ તેમજ ચૂંટાયેલા પદાધિકારીઓ સહિતના જે કાર્યકર્તાઓએ તેમની લીંક માંથી ૧૦૦ પ્રાથમિક સભ્ય બનાવ્યા હશે તેમને સક્રિય સભ્ય બનાવવાનો પ્રારંભ આજથી થયો છે. તારીખ ૩૧ ઓક્ટોમ્બર સુધી પ્રાથમિક સભ્ય બનાવવાનુ અભિયાન સાથે સક્રિય સભ્ય બનાવવામાં આવશે. ગોરધન ઝડફીયાએ પ્રાથમિક સભ્ય અંગેની માહિતી આપતા જણાવ્યું કે, અંદાજે ૪૫ દિવસમા એક કરોડ ૮ લાખ પ્રાથમિક સભ્ય નોંધાયા છે. પ્રાથમિક સભ્ય બનાવવા અંગે સભ્યોની ઉમંર, વિધાનસભા, મોબાઈલ નંબર, એડ્રેસ સાથેની આખી વિગત એકત્ર કરી છે. જે કાર્યકર્તાઓ ૧૦૦ સભ્યો બનાવ્યા હશે તેમજ પાર્ટીમા ભવિષ્યમા સારી રીતે કામ કરનાર અને પાર્ટીમા સક્રિયતાથી કામ કરતા કાર્યકર્તાઓ માટે સક્રિય સભ્ય બનાવવાનુ કામ આજથી શરૂ થયુ છે.

## પોરબંદરમાં પતિ-પત્નીના ઝઘડામાં વચ્ચે પડેલા સાળાની છરીના ઘા છીંકી હત્યા

। પોરબંદર, તા.૧૯ ।

પોરબંદર શહેરમાં પતિ-પત્નીના ઝઘડામાં વચ્ચે સમજાવવા પડેલા માસીયાઈ સાળાને ઉશ્કેરાયેલા પતિએ છરીના ઘા ઝીંકી દેતા યુવાનનું મોત નીપજ્યું હતું. આ મામલે મહિલાએ પોરબંદર પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. પોરબંદર શહેરના વિરડી પ્લોટ વિસ્તારમાં આજે વહેલી સવારે હત્યાની ઘટના બની હતી. પતિ-પત્નીના ઝગડામાં, મહિલાનો મામાનો દીકરો ભાઈ વચ્ચે સમજાવવા આવ્યો હતો. દરમિયાન ઉશ્કેરાયેલા પતિએ સાળાને છરીના ઘા ઝીંકી દેતા નિતીન નામના યુવકને છરીના ઘા ઝીંકી દેતા તેને સારવારમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નિપજતા બનાવ હત્યામાં ફેરવાયો છે.

## અમદાવાદ ખાતે કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે. ના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

### ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવવા કલેક્ટરશ્રીની અધિકારીઓને તાકીદ

। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ કલેકટર કચેરી ખાતે કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે. ના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ હતી. જેમાં અમદાવાદ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ પોતાના મત વિસ્તારના પ્રશ્નો રજૂ કર્યા હતા. આ બેઠકમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોનો ઝડપથી સમયમર્યાદામાં ઉકેલ લાવવા કલેક્ટરશ્રીએ સબંધિત અધિકારીઓને સૂચના આપી સત્વરે કામ પૂર્ણ કરવા તાકીદ કરી હતી. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યશ્રીએ બાવળા- ધોળકા રોડ પર ટ્રાફિકની સમસ્યાનું નિવારણ લાવવા અને બાવળામાં સફાઈ અને



ગેરકાયદેસર દબાણો દૂર કરવા રજૂઆત કરી હતી. જ્યારે શહેરી વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ પોતાના મતવિસ્તારમાં થયેલા ગેરકાયદેસર દબાણ દૂર કરવા અને અશાંતધારાનો ચુસ્તપણે અમલ કરાવવા તથા કાયદો અને વ્યવસ્થાનું યોગ્ય અમલ કરાવવા બાબતે રજૂઆત કરી હતી.

આ ઉપરાંત એસ. ટી. બસ સ્ટોપેજ, ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને સ્થળ પર જ કીટનું વિતરણ, ગટર અને સેનિટેશનને લગતા પ્રશ્નો, આપવા સહિતના પ્રશ્નો ધારાસભ્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબેન વાઘેલા, ધારાસભ્યો સર્વશ્રી કિરીટસિંહ ડાભી, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી દિનેશસિંહ કુશવાહ, શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી જીતેન્દ્રભાઈ પટેલ (ભગત), શ્રી ઈમરાનભાઈ ખેડાવાલા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, પોલીસ અધિક્ષકશ્રી ઓમપ્રકાશ જાટ, નિવાસી અધિક કલેકટરશ્રી સુધીર પટેલ, અધિક નિવાસી નાયબ કલેકટરશ્રી હાર્દ શાહ સહિત સંકલન સમિતિના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરતમાં ડ્રગ્સ વેચતા તસ્કરો હવે દેહવ્યાપારમાં ધમધમી રહ્યા છે

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરતમાં ડ્રગ્સ વેચતા તસ્કરો હવે દેહવ્યાપારમાં ધમધમી રહ્યા છે, ડીસીપી ઝોન ૪ની ટીમે દરોડો પાડી હોટલમાંથી આરોપીની ધરપકડ કરી હતી, જેમાં વેસુની સુપીરીયર હોટલમાં આ ધંધો ચાલતો હોવાનું બહાર આવ્યું હતું, જેમાં પોલીસે ધરપકડ કરી છે. શૈલેન્દ્ર શર્મા. ચાંદ શેખ, જુનેદ કડિયા અને અન્યોની તપાસ ચાલી રહી છે.ગુપ્ત માહિતીના આધારે પોલીસને બાતમી મળી હતી કે રૂપલને ડ્રગ્સ સાથે સુરત મોકલવામાં આવી રહી છે, જ્યારે ડીસીપી ઝોન-૪ની ટીમે દરોડો પાડ્યો ત્યારે પોલીસને ૯૫ મિલિગ્રામ એમડી ડ્રગ્સ પણ મળી આવ્યું હતું, જેના માટે કેસ કરવામાં આવ્યો હતો. વેસુ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. રૂપલને રૂપલ ૫૦ હજારમાં લેવામાં આવી રહી હોવાની જાણ થતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

સુરત ઝોન પોલીસે સમગ્ર મામલામાં દરોડા પાડ્યા, ઘટનાનો પર્દાફાશ થયો, ત્યારે ખબર પડી કે હોટલમાંથી ત્રણ ઠગ પણ ઝડપાયા છે, પોલીસે દલાલોની ધરપકડ કરીને વધુ ઘટસ્ફોટ કર્યા છે, આ રીતે આ રીતે ચાલતો હતો ધંધો સામે લાંબા સમયથી હોટલમાં, આ સાથે ડ્રગ્સ અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.




બોટાદ ગઢડા ગ્રામ્ય વિસ્તારોમાં કાળા ડીબાંગ વાદળો વચ્ચે કડાકા ભડાકા સાથે વરસાદ. ઢસા, માંડવા, રસનાળ, પાટણા, ભંડારીયા, જલાલપુર, ઉમરડા, વિકળીયા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ.

**વિશેષ** વિવિધ પરિવહન માટે અમદાવાદ-ધોલેરા વચ્ચે ગ્રીનફિલ્ડ ફોર લેન એક્સપ્રેસ વે, ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ તથા ફ્રેઈટ રેલ લાઇનનો વિકાસ કરાશે

# ધોલેરા સ્માર્ટ સિટીમાં સેમિકન્ડકટર, ઇલેક્ટ્રોનિક્સ, રીન્યુએબલ એનર્જી, ઓટોમોબાઇલ, ઇવી, એરોસ્પેસ, ડિફેન્સ, આઇ.ટી. જેવી કંપનીઓનું થશે નિર્માણ

। (માહિતી) અમદાવાદ ।

દેશના વિકાસનું ગ્રોથ એન્જિન એટલે ગુજરાત. ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ''વિકસિત ભારતજ૨૦૪૭'' ના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ રોકાણ કરી રહી છે. ગુજરાતમાં બિઝનેસ માટે આવનાર કંપનીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય સરકાર હંમેશા હકારાત્મક અભિગમ અપનાવે છે. જે અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત સાહસથી વિશ્વ સ્તરીય માળખાકીય સુવિધાઓ અને જીવનશૈલીના ઉચ્ચ ધોરણોયુક્ત ધોલેરા સ્માર્ટ સિટીનો વિકાસ કરવામાં આવ્યો છે. ગુજરાતનાં ધોલેરા ખાતે આવેલ ''સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન'' (SIR) માં ભારતના સૌથી મોટા ''ગ્રીનફિલ્ડ ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટી''નું નિર્માણ થઈ રહ્યું છે.

ધોલેરા ઈન્ડસ્ટ્રિયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડની યાદીમાં જણાવ્યા અનુસાર ધોલેરા સ્માર્ટ સિટી ખાતે વિવિધ ઈન્ડસ્ટ્રીઝ તેમજ તેના કર્મચારીઓ માટે સર્વગ્રાહી જીવનશૈલીના વિકાસ માટે રહેણાંક, વ્યાપાર, મનોરંજન તથા અન્ય હેતુસર ૯૨૦ ચો.કિમી. જેટલી જમીન ફાળવવામાં આવી છે. આ પ્રોજેકટના પ્રારંભિક તબક્કે ૨૨.૫૪ ચો.કિમી. વિસ્તારનો વિકાસ કરવામાં આવ્યો છે, જેમાં વિશ્વ કક્ષાના પ્લગ એન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પીવાલાયક પાણી, ૨૪ કલાક અવિરત વીજ પુરવઠો, CETP, STP, ICT, નેચરલ ગેસ વગેરે જેવી યુટિલિટી સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ધોલેરા સ્માર્ટ સિટીમાં સેમિકન્ડકટર અને સંલગ્ન આનુષંગિક સેવાઓ, ઈલેક્ટ્રોનિક્સ, રીન્યુએબલ એનર્જી, ઓટોમોબાઈલ, ઈવી, એરોસ્પેસ, ડિફેન્સ, આઈ.ટી. જેવા



મહત્વપૂર્ણ ક્ષેત્રોની કંપનીઓની સ્થાપના થશે. ગુજરાત સરકારે ખાસ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન અને ઈન્ડસ્ટ્રીયલ ઝોનના આયોજન, વિકાસ અને સંચાલન માટે વર્ષ ૨૦૦૯ માં "ધ ગુજરાત સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (GSIR) એકટ ૨૦૦૯" જાહેર કર્યો હતો. તે અંતર્ગત ગુજરાતનાં ધોલેરાને દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરના ભાગરૂપે "સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન" (SIR) તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા આ સ્થળના વિકાસ માટે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનલ ડેવલપમેન્ટ ઓથોરિટી (DSIRDA)ની રચના કરવામાં આવી છે. ધોલેરા સ્માર્ટ સિટી ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોડ અને યુટિલિટી નેટવર્ક, પાણી, વીજળી, ICT, ગેસ, સ્ટોર્મ વોટર, વેસ્ટ વોટર માટેની માળખાગત વ્યવસ્થા, ૧૫૦ MLD ની ક્ષમતા સાથે વોટર ટ્રીટમેન્ટ એન્ડ સપ્લાય સિસ્ટમ, ૬૦ MLD ની ક્ષમતાવાળા ઔદ્યોગિક એકમો માટે કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને કલેક્શન સિસ્ટમ, ૩૦ MLD ની ક્ષમતા સાથે સુએજ કલેક્શન એન્ડ ટ્રીટમેન્ટ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી છે. અહી વહીવટી કચેરીઓ, બેક્વેટ હોલ, મીટિંગ રૂમ, કંમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, બેંક, કાફેટેરિયા જેવી વિવિધ સુવિધાઓ પણ તૈયાર કરવામાં આવી છે. ધોલેરા ખાતે નિર્માણ થનાર કંપનીઓમાં તૈયાર થયેલ માલસામાનના પરિવહન તેમજ દેશ અને દુનિયાના વિવિધ સ્થળોએ સરળતાથી પહોંચી શકાય તે માટે ગુજરાત સરકાર દ્વારા ખાસ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જે અંતર્ગત અમદાવાદ અને ધોલેરા વચ્ચે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા ૧૧૦ કિ.મી. લાંબો એકસેસ કંટ્રોલ્ડ ગ્રીનફિલ્ડ ફોર લેન એક્સપ્રેસ વે નિર્માણ પામી રહ્યો છે. આ એક્સપ્રેસવે તૈયાર થવાથી અમદાવાદ અને ધોલેરા વચ્ચેનો મુસાફરીનો સમય ૫૦ ટકા જેટલો ઘટશે. અહી ઝડપી કનેક્ટિવિટી માટે ગ્રીનફિલ્ડ ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ વિકસાવવામાં આવી રહ્યું છે. અમદાવાદ-બોટાદ બ્રોડગેજ લાઈન પર ભીમનાથના હાલના સ્ટેશનથી ૨૪.૪ કિમીની ગ્રીનફિલ્ડ ફ્રેઈટ રેલ લાઈન પશ્ચિમ રેલવે દ્વારા વિકસાવવામાં આવશે, જે કંપનીઓની લોજિસ્ટિકની સુવિધા માટે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (DSIR) ને જોડશે. આ રેલ્વે લાઈનને સાણંદ નજીક ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) સાથે પણ જોડવામાં આવશે. વધુમાં પશ્ચિમ રેલવે દ્વારા સેમી હાઈ-સ્પીડ રેલ લાઈન પણ વિકસાવવા આવશે. આ ઉપરાંત ધોલેરા ખાતે ૭૨ કિલોમીટરમાં ફેલાયેલું આંતરિક રોડ નેટવર્ક બનાવવામાં આવ્યું છે, જેમાં ૧૮ થી ૭૦ મીટરની પહોળાઈવાળા રસ્તાઓનો સમાવેશ થાય છે. આ આધુનિક રોડમાં ભૂગર્ભ યુટિલિટી નેટવર્કનો વિકાસ કરવામાં આવ્યો છે, જેમાં વીજળી, ICT, નેચરલ ગેસ, પાણી, એફ્લુઅન્ટ અને સ્ટોર્મ વોટર મેનેજમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રોડ નેટવર્કમાં રાહદારી માટે ખાસ લેન, સાયકલિંગ લેન, પ્લાન્ટેશન અને ભાવિષ્યના માસ રેપિડ ટ્રાન્સપોર્ટ (MRT) માટે આરક્ષિત કોરિડોરનો સમાવેશ થાય છે. ધોલેરા સ્માર્ટ સિટી વિસ્તારમાં વિવિધ ઈન્ડસ્ટ્રીઝ માટે પાવર ડિસ્ટ્રિબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અવિરત અને કાર્યક્ષમ વીજ પુરવઠાની જરૂરિયાતને પહોંચી વળવા ટોરેન્ટ પાવર દ્વારા બે સબસ્ટેશન વિકસાવવામાં આવ્યા છે. અહી વર્તમાન વીજ વિતરણ ક્ષમતા ૫૦૦ સ્ફછ છે, જેનું ૧૫૦૦ MVA સુધી વિસ્તરણ થઈ શકશે. કેન્દ્ર સરકાર સેમિકન્ડકટર, ડિસ્પ્લે ડિઝાઈન તથા ઈનોવેશન ઈકોસિસ્ટમ વિકસાવવાની દૂરદર્શિતા ધરાવે છે. ગુજરાત પહેલું રાજ્ય છે જેણે ભારત સરકારના સેમિકન્ડકટર પ્રોગ્રામ સાથે સુમેળ ધરાવતી સેમિકન્ડકટર નીતિ બનાવી છે, જે અંતર્ગત ધોલેરાને દેશના "સેમિકોન સિટી" તરીકે વિકસાવવામાં આવશે. ધોલેરા સેમિકોન સિટી ભારતને સેમિકન્ડકટર અને ઈલેક્ટ્રોનિકસ ક્ષેત્રે સર્વોચ્ચ બનવાની યાત્રામાં અગત્યનો ફાળો ભજવશે. તદુપરાંત, દેશને ટેક્નોલોજીમાં આત્મનિર્ભર બનાવી મેક ઈન ઈન્ડિયા મિશનની સાર્થકતામાં મદદરૂપ બનશે. ધોલેરા "સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન" માં ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા રૂ. ૯૧ હજાર કરોડના રોકાણ સાથે ભારતના પ્રથમ સેમિકન્ડકટર ફેબનું નિર્માણ કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને ડો. સુદેશ ધનખરનું રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ કિસનરાવ બાગડે, મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવા કન્હૈયા લાલ ચૌધરી, ઘનશ્યામ તિવારી, સંસદ સભ્ય (રાજ્યસભા) અને અન્ય મહાનુભાવો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

### પોલીસે કર્યો મોટો ખુલાસો

# ગુરપ્રીત સિંહ હત્યા કેસમાં સાંસદ અમૃતપાલ સિંહનો હાથ

## પોલીસને જાણવા મળ્યું કે ગુરપ્રીત સિંહ હત્યા કેસમાં વિદેશમાં બેઠેલા ગેંગસ્ટર અર્શ દલ્લાનો પણ હાથ હતો

। (એજન્સી) પંજાબ, તા.૧૯ ।

તાજેતરમાં પંજાબના ફરીદકોટમાં ગુરપ્રીત સિંહ નામના વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. ૯ ઓક્ટોબરે ફરીદકોટમાં 'વારિસ પંજાબ દે'ના ફાઉન્ડર મેમ્બર ગુરપ્રીત સિંહની હત્યાના મામલામાં પંજાબ ડીજીપીએ શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં મોટો ખુલાસો કર્યો હતો. પોલીસે હત્યામાં ખડૂર સાહિબ સીટના સાંસદ અને ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહની સંડોવણીનો આરોપ લગાવ્યો છે. વિશેષ ટીમ બનાવી હત્યાનો ભેદ ઉકેલાયો છે.પંજાબ પોલીસના ડીજીપી ગૌરવ યાદવે ચંદીગઢમાં એક



પ્રેસ કોન્ફરન્સમાં આ બાબતનો ખુલાસો કર્યો હતો. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે આ હત્યામાં વિદેશમાં બેઠેલા ગેંગસ્ટર અર્શ દલ્લાનો પણ હાથ હતો. આ કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. શૂટરોને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.પોલીસે કહ્યું કે તપાસમાં જાણવા મળ્યું કે આ હત્યા અમૃતપાલ સિંહના કહેવા પર કરવામાં આવી હતી. ગુરપ્રીત સિંહને ૨૦૨૧માં 'વારિસ પંજાબ' ગ્રુપના ટ્રેઝરર બનાવવામાં આવ્યા હતા. દીપ સિદ્ધુના મૃત્યુ પછી તે અમૃતપાલની નજીક રહ્યો, પરંતુ બાદમાં અલગ થઈ ગયો. તેણે અમૃતપાલ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર કેટલીક પોસ્ટ પણ કરી હતી. પોલીસનું કહેવું છે કે હાલ તમામ મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. અમૃતપાલની પૂછપરછ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે ગુરપ્રીત સિંહ હત્યા કેસની તપાસ માટે ૪ સભ્યોની SITની રચના કરવામાં આવી હતી. જેમાં ત્રણ ડીએસપી અને એક એસપીનો સમાવેશ થાય છે.

## ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ટીમની થઈ જાહેરાત કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતીય પ્રશંસકો માટે એક ખુશખબરી સામે આવી છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે વિસ્ફોટક વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશાનને મોકો આપવામાં આવ્યો છે. ઘરેલૂ ક્રિકેટમાં તાબડતોડ રન વરસાવનાર ખૂંખાર વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશાન પર સેલેક્ટર્સે ભરોસો જતાવ્યો છે. જોકે, ઈશાન કિશાનને ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય એ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઋતુરાજ ગાયકવાડ સિવાય ૧૫ સભ્યોવાળી ટીમમાં અન્ય ઓપનિંગ બેટ્સમેનોમાં અભિમન્યુ આશ્વરન અને સાઈ સુદર્શનને પણ પણ સામેલ કરવામાં આવ્યો છે. આનું સૌથી મોટું કારણ એ છે કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમમાં રિઝર્વ ઓપનરની જરૂર પડી શકે છે, કારણ કે રોહિત શર્મા અંગત કારણોસર બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ બે મેચમાંથી એક મેચ ગુમાવી શકે છે. ઓસ્ટ્રેલિયા છ સામે ભારતીય છ ટીમનો આ પ્રવાસ કેટલાક ખેલાડીઓને બેકઅપ તરીકે ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ થવાની સારી તક આપી શકે છે. દેવદત્ત પડિકલ, બી ઈન્દ્રજીત અને રિકી ભુઈ ભારત છ ટીમના મિડલ ઓર્ડર બેટ્સમેન હશે. જ્યારે અભિષેક પોરેલ અને ઈશાન કિશનને વિકેટકીપર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. નીતીશ કુમાર રેડ્ડી, તનુષ કોટિયન અને માનવ સુથાર ટીમના ઓલરાઉન્ડર હશે. આ સાથે જ ટીમના ફાસ્ટ બોલિંગ આક્રમણમાં મુકેશ કુમાર, નવદીપ સૈની, ખલીલ અહેમદ અને યશ દયાલનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૯ વર્ષીય ઈશ્વરન પહેલા પણ ૨૦૨૨માં બાંગ્લાદેશ પ્રવાસ પર ભારતની ટેસ્ટ ટીમનો ભાગ રહી ચૂક્યો છે. ઉપરાંત, તે આ ઘરેલૂ સીઝનમાં શાનદાર ફોર્મમાં છે. તેણે દુલીપ ટ્રોફીમાં બે સદી અને ઈરાની ટ્રોફીમાં એક સદી ફટકારી હતી. રણજી ટ્રોફીમાં પણ તેણે સદીની શરૂઆત કરી હતી. ૨૩ વર્ષીય સુદર્શને ઓગસ્ટમાં ઈંગ્લિશ કાઉન્ટી સરે માટે સદી ફટકારી હતી.

## ઋષભ પંત ઈજાગ્રસ્ત થયો હતો છતાં રમવા ઉતર્યો!



। (એજન્સી) ચેન્નાઈ, તા.૧૯ ।

ઋષભ પંત હંમેશા વિસ્ફોટક બેટિંગ કરવા માટે જાણીતો છે. તેણે પોતાના દમ પર ભારતને અનેક મેચો જીતાડી છે. પંતના એક હાથથી છગ્ગો ફટકારવાની કળાથી સમગ્ર ક્રિકેટ જગત વાકેફ છે. તેણે ન્યૂઝીલેન્ડ સામે પણ પહેલી ટેસ્ટમાં દમદાર બેટિંગ કરી. જો કે એક રનથી સદી ચૂકી ગયો. તેણે મેચમાં કુલ ૧૦૫ બોલમાં ૯૯ રન કર્યા. જેમાં ૯ જોગ્ગા અને ૫ છગ્ગા સામેલ છે. તે વિલિયમ ઓ રુર્કેની બોલિંગમાં બોલ્ડ થઈ ગયો. જો ઋષભ પંતે પોતાની સદી પૂરી કરી હોત તો આ તેની ટેસ્ટ કરિયરની ૭મી સદી હોત અને પછી તે ભારત માટે ટેસ્ટમાં સૌથી વધુ સદી ફટકારનાર વિકેટકિપર બની જાત. પરંતુ આમ થઈ શક્યું નહીં. હાલ પંત અને મહેન્દ્ર સિંહ ધોની બંને વિકેટકિપર તરીકે ટેસ્ટ કરિયરમાં સરખી સદી ૬-૬ ધરાવે છે. બંને જોઈન્ટલી પહેલા નંબરે છે. ઋદ્ધિમાન સાહાએ ટેસ્ટમાં ૩ સદી ફટકારી હતી. અત્રે જણાવવાનું કે ઋષભ પંત ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટની પહેલી ઈનિંગમાં ઈજાગ્રસ્ત થયો હતો. જાડેજાનો એક બોલ તેના પગમાં વાગ્યો હતો અને તેને મેદાનની બહાર લઈ જવો પડ્યો. બોલને પકડવા ગયો અને ઈજાગ્રસ્ત થયો. બોલ તેને પગમાં વાગ્યો હતો.

### અખિલેશની પાર્ટી ફરી ગુસ્સે

# મહારાષ્ટ્રમાં સીટ વહેંચણી પર INDIA ગઠબંધનમાં તણાવ!

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થયા બાદથી કોંગ્રેસના ગઠબંધનમાં તિરાડો પડી રહી છે. એકબાજુ કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટી વચ્ચે બેઠક ફાળવણી મુદ્દે વિવાદ સર્જાયો છે. તો બીજી બાજુ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અબુ આઝમીએ પણ MVAની બેઠકમાં આમંત્રણ ન મળવા બદલ કોંગ્રેસ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. સપા પ્રમુખ અખિલેશ યાદવ પણ આજથી પ્રચાર માટે પોતે જ મેદાનમાં ઉતર્યા છે. ગઠબંધનમાં બેઠકો મુદ્દે ખેંચતાણ વચ્ચે અખિલેખે માલેગાંવ અને ધુલેમાં કોંગ્રેસના સાથ વિના જ રેલીઓ યોજી છે. સપાનું આ વલણ તે કોંગ્રેસથી નારાજ હોવાનો સંકેત આપે છે. લોકસભા ચૂંટણીના થોડા મહિના પહેલાં મધ્યપ્રદેશમાં વિધાનસભા



ચૂંટણી હતી. તે સમયે I.N.D.I.A. ગઠબંધનમાં કોંગ્રેસ અને સપા વચ્ચે અંતિમ સમય સુધી બેઠક ફાળવણી મુદ્દે ચર્ચાઓ ચાલતી રહી અને અંતે કોંગ્રેસે સપાના વર્ચસ્વ પર સવાલ ઉઠાવતા વિવાદ સર્જાયો હતો. સપા આ ચૂંટણીમાં ૧૨ જેટલી બેઠકો માગી હતી.સપા નેતાઓને આશાવાદ હતો કે, કોંગ્રેસના ગઠબંધનમાં તેમને આઠથી દસ બેઠકો મળી શકે છે, પરંતુ કોંગ્રેસે ના પાડતાં મામલો ગરમાયો હતો. બાદમાં સપા એકલા હાથે પોતાના ઉમેદવારો ઉતાર્યા હતા. સપા ભલે મધ્યપ્રદેશમાં ખાતું ખોલાવી શકી નહીં. પરંતુ કોંગ્રેસની ગેમ ખરાબ કરવામાં જવાબદાર રહી. હવે આવી જ સ્થિતિ મહારાષ્ટ્રની ચૂંટણીમાં પણ જોવા મળી રહી છે. સપા એક ડઝન બેઠકો પર દાવો કરી રહી છે. સપાએ હરિયાણાની ચૂંટણીમાં પણ ગઠબંધનની માંગ કરી હતી, પરંતુ ત્યાં પાર્ટી વાટાઘાટોની કોઈ અસર થઈ ન હતી. હરિયાણામાં હારથી એલર્ટ સપા મધ્યપ્રદેશનું મોડલ અપનાવી રહી છે અને સીટ વહેંચણી પર વાતચીતની સાથે ચૂંટણીની તૈયારીઓને ઝડપી બનાવવાની વ્યૂહરચના પર કામ કરી રહી છે. સંકેતો સ્પષ્ટ છે કે સપા જો ગઠબંધન શક્ય ન બને તો હરિયાણાની જેમ ચૂંટણી મેદાન છોડવા માગતી નથી. સપાની સક્રિયતા કોંગ્રેસ, શિવસેના (UBT) અને NCP (શરદ પવાર) માટે સ્પષ્ટ સંદેશ છે કે ગઠબંધન થાય કે ન થાય, પક્ષ ચૂંટણીના મેદાનમાં ઉતરશે. મહારાષ્ટ્ર સપા પ્રમુખ અબુ આઝમીએ બેઠકોના નામની ગણતરી કરતી વખતે કહ્યું હતું કે, અમે સંપૂર્ણ રીતે તૈયાર છીએ અને જો અમને ગઠબંધનમાં બેઠકો નહીં મળે તો અમે અખિલેશ યાદવ સાથે ચર્ચા કરીને એકલા હાથે ચૂંટણી લડવા તૈયાર છીએ.

### મધ્યપ્રદેશની રાજધાની ભોપાલની ઘટના

## ડીજેના જોરદાર અવાજને કારણે ૧૩ વર્ષના એક માસૂમ બાળકે જીવ ગુમાવ્યો

। (એજન્સી) ભોપાલ, તા.૧૯ ।

ડીજે પાસેથી પસાર થતી વખતે તમે પણ વાઈબ્રેશન અનુભવી શકો છો, પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તેનાથી તમારો જીવ પણ પડી શકે છે? મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં પણ કંઈક આવું જ બન્યું છે. અહીં ડીજેના જોરદાર અવાજને કારણે ૧૩ વર્ષના એક માસૂમ બાળકે જીવ ગુમાવ્યો હતો. તહેવારોનો સમય છે. તાજેતરમાં દશેરા અને નવરાત્રીના તહેવારો પસાર થયા છે. મૂર્તિના વિસર્જન દરમિયાન શોભાયાત્રામાં મોટા વાહનોમાં ડીજે વગાડતા જોવા મળ્યા હતા. લોકો નાચતા હતા અને ડોલતા હતા. એ જ ભીડમાં એક નિર્દોષ ૧૩ વર્ષનો સમર બિલ્લૌર પણ ઊભો હતો. સાંઈબાબા નગરનો રહેવાસી સમર તેની માતાને કહીને ગયો હતો કે માતા હું શોભાયાત્રા જોઈને પાછો આવીશ. મોટા અવાજને કારણે સમર ડીજે પાસે બેહોશ થઈ ગયો. પરિવારજનોએ અવાજ ઓછો કરવા કહ્યું, પરંતુ ડીજે બંધ ન થયો. સમર બિલ્લૌરને તાત્કાલિક નર્મદા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, પરંતુ અહીં ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા. સમરની માતા ન્યાયની માંગ કરી રહી છે. તે ડીજે સામે કાર્યવાહી કરવા માંગે છે. ડીજે ઘાતક સાબિત થઈ શકે છે. કોઈએ આની કલ્પના પણ કરી ન હતી.તમને જણાવી દઈએ કે ડીજે કયા વોલ્યુમ પર વગાડવો જોઈએ, કેટલા વોલ્યુમ પછી તમે બીમાર થઈ શકો છો, WHO એ આ બધાને લઈને ગાઈડલાઈન જાહેર કરી છે. જારી કરાયેલી માર્ગદર્શિકા અનુસાર, અવાજનું પ્રદૂષણ ૬૫ ડેસિબલ પછી શરૂ થાય છે. ૭૫ અક્ષમ થયા પછી હાનિકારક સાબિત થાય છે. ૧૨૦ નિષ્ક્રિય થયા પછી, તમે હાર્ટ એટેક, બ્રેઈન હેમરેજ, બહેરાશ અને અન્ય જીવલેણ રોગોથી પીડાઈ શકો છો. મધ્યપ્રદેશની મોહન સરકારે ૯૫ દિવ્યાંગોની મર્યાદા નક્કી કરી છે. ભોપાલના સિવિલ સર્જન રાકેશ શ્રીવાસ્તવનું કહેવું છે કે જ્યારે તેઓ પોતે રસ્તા પર નીકળે છે ત્યારે ડીજેનો અવાજ એટલો જોરદાર હોય છે કે તેને કારણે ઘણી તકલીફ થાય છે. આનાથી કેટલું નુકસાન થાય છે તે સાંભળો. આ ઘટના બાદ પોલીસ પણ કડક બની છે.જો કે આ બનાવ અંગે પોલીસને કોઈ ફરિયાદ મળી નથી. તેમજ તે માસૂમ બાળકનું પોસ્ટમોર્ટમ પણ કરવામાં આવ્યું નથી, જેથી જાણી શકાય કે તેના મૃત્યુનું કારણ શું હતું? આ ઘટના બાદ ભોપાલ પોલીસે ૧૦૦ થી વધુ ડીજે માલિકો વિરુદ્ધ FIR નોંધી છે. અત્યાર સુધીમાં ૩૦થી વધુ ડીજે જપ્ત કરવામાં આવ્યા છે. આગળની કાર્યવાહી ચાલુ છે.

### બિહારમાં દારૂબંધી પછી લઠ્ઠો પીવાથી લોકોના મોતની ઘટના વધવા માંડી

## બિહારમાં લઠ્ઠાકાંડમાં ૩૬ના મોતઃ ૧૨ની ધરપકડ કરાઈ

। (એજન્સી) પટણા, તા.૧૯ ।

બિહારમાં નીતીશકુમારની સરકારે ૨૦૧૬માં દારુબંધી લાગુ કરી હતી. ત્યાર પછી બિહારમાં લઠ્ઠો પીવાને લીધે લોકોના મોતની ઘટના વધવા માંડી છે. આ દરમિયાન સિવાન અને સારણ જિલ્લામાં લઠ્ઠો(ઝેરી દારૂ) પીવાથી ૩૬ના મોત થયા છે. જ્યારે ૨૦થી વધુ લોકોની હાલત ગંભીર છે, તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, આ પૈકી કેટલાકની આંખને અસર થઈ છે.બિહારના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ(ડીજીપી) આલોક રાજે કહ્યું કે, સિવાનમાં ૨૦ લોકોના મોત થયા છે, જ્યારે સારણમાં પાંચ લોકોના મોત થયા છે. આ બંને ઘટના પછી પોલીસે કથિત રીતે ઝેરી દારૂ વેચવાના મામલામાં ૧૨ લોકોની ધરપકડ કરી છે. એક સાથે ૩૬ લોકોના મોત પછી તપાસ માટે બે વિશેષ ટીમ બનાવવામાં આવી છે. સ્થાનિક સ્તર



પર રચાયેલી તપાસ ટીમો તાજેતરના પ્રકરણમાં સામેલ ગુનેગારોની તપાસ કરશે. ડીજીપી આલોક રાજે એમ પણ કહ્યું કે, વધુ એક એસઆઈટીની રચના કરવામાં આવી છે, જે તાજેતરના દિવસોમાં બનેલી આ પ્રકારની તમામ ઘટનાઓનો વ્યાપક અભ્યાસ કરશે, જેના આધારે કાર્યવાહીની યોજના બનાવવામાં આવશે. આ લઠ્ઠાકાંડની ઘટનામાં એક દારૂ-માફિયાનું નામ સામે આવ્યું છે. એ પહેલા પણ આ પ્રકારના મામલામાં સામેલ રહ્યો છે અને હાલ એ જામીન પર બહાર છે.

### અખિલેશ યાદવે કર્યો મોટો ખેલ

## મહારાષ્ટ્રમાં ચૂંટણી પહેલા રાહુલ ગાંધી અને ઠાકરેનું વધ્યું ટેન્શન

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે. દરેક પાર્ટી બેઠકને લઈને ગઠબંધન સાથે તાલમેલ બેસાડવાનો પ્રયાસ કરી રહી છે. સમાજવાદી પાર્ટીના વડા અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે પણ એકશનમાં આવી ગયા છે. આ દરમિયાન મહાવિકાસ અઘાડી (MVA) સાથે બેઠકો અંગેની વાતચીત વચ્ચે સમાજવાદી પાર્ટીએ ચાર બેઠકો પર તેમના ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. અને ટૂંક સમયમાં જ સપાના અન્ય બેઠકો પરના ઉમેદવારો નામ જાહેર કરવામાં આવી શકે છે. જેને લઈને ચૂંટણી પહેલા રાહુલ ગાંધી અને ઠાકરેનું ટેન્શન વધી ગયું છે. મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અબુ આઝમીએ તેમના સોશિયલ મીડિયા



X હેન્ડલ પર ટ્વિટ કરીને કહ્યું કે, માલેગાંવ PDA જનસભાના સપા રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ દ્વારા અત્યાર સુધીમાં તેમના ૪ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં શિવાજી નગરથી અબુ આઝમી, ભિવંડી પૂર્વથી રઈસ શેખ, ભિવંડી પશ્ચિમથી રિયાઝ આઝમી અને માલેગાંવ શાને હિંદ આ ચાર નામ જાહેર કર્યા છે. તેમણે કહ્યું, "મહાવિકાસ અઘાડી દ્વારા સપાની માંગ માત્ર એ બેઠકો માટે છે, જેના પર સપા મજબૂત છે અને ચૂંટવાની તાકાત ધરાવે છે.




નવી દિલ્હીમાં ૬૨મા નેશનલ ડિફેન્સ કોલેજ એમ.ફિલ કોન્વોકેશન સમારોહમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ ઉપસ્થિત રહ્યા હતા.

### પાંચના ઘટના સ્થળે મૃત્યુ

## પૂરપાટ ઝડપથી આવતી કારે કાવડયાત્રીઓને લીધા હડફેટે

। (એજન્સી) બિહાર, તા.૧૯ ।

બિહારના બાંકામાં પૂરપાટ ઝડપે આવતી કારે કાવડયાત્રીઓને હડફેટે લીધા હતા. જેમાં ૫ શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા છે. જ્યારે ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જોકે, મૃત્યુઆંક વધી શકે છે. દુર્ઘટના બાદ ઘટનાસ્થળે પહોંચેલા એસડીએમ અવિનાશ કુમારે જણાવ્યું હતું કે, 'ઘટનાની માહિતી મળતાં જ પોલીસ-પ્રશાસનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઘટનામાં ૧૦ વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને તેમની સારવાર ચાલી રહી છે. ૫ લોકોના મોત થયા છે, જેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. પરિસ્થિતિ શાંતિપૂર્ણ છે અને વહીવટીતંત્ર સંપૂર્ણ સહકાર આપી રહ્યું છે. અમે ઘટનાની તપાસ કરીશું.' પોલીસના જણાવ્યાનુસાર, શુક્રવારે રાત્રે બાંકા જિલ્લામાં પૂરપાટ ઝડપે આવતી કારે કાવડયાત્રીઓને હડફેટે લીધા હતા. જેમાં પાંચ કાવડિયાઓના મોત થયા હતા અને અન્ય ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા હતા. તમામ કાવડયાત્રીઓ સુલતાનગંજથી ગંગા જળ લઈને જૈષ્ટગોરનાથ મહાદેવ મંદિર જઈ રહ્યા હતા.

## તંત્રી લેખ...

# બેંગલુરુમાં શરુ થશે એર ટેક્સી

બેંગલુરુ ઘણા કારણસર ફેમસ છે અને તેમાનો એક મુખ્ય કારણ છે ટ્રાફિક. ઘણી વાર એક કિલોમીટર કાપવા માટે એક કલાકનો સમય પણ લાગી જાય છે. ઘણી વાર તો એવું બન્યું છે કે ફલાઈટ બેંગલુરુથી મુંબઈ પહોંચી જાય તો પણ વ્યક્તિ હજુ એરપોર્ટ પર જ અટવાયેલું રહે. આ ટ્રાફિકને કારણે ટેક્સીના ભાડા પણ મોંઘા થઈ જાય છે અને ઘણી વાર એ ફલાઈટની ટિકિટ કરતા વધારે ચાર્જડ થાય છે. બેંગલુરુ અને ટ્રાફિક હંમેશાં ચર્ચામાં રહે છે.બેંગલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ અને સરલા એવિએશન સાથે મળીને આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. બેંગલુરુના ટ્રાફિકને બાયપાસ કરવાનો એક માત્ર ઉપાય છે - એર સર્વિસ. આથી હવે બે કંપનીઓ મળીને એર ટેક્સી પર કામ કરી રહી છે. આ એર ટેક્સી ઈલેક્ટ્રીક હશે અને તે વર્ટિકલ ટેકઓફ અને લેન્ડિંગ કરશે, એટલે તેને રનવેની જરૂર નહીં પડે. હેલિકોપ્ટરની જેમ જ એ કામ કરશે. ફ્યુચરિસ્ટિક ડિઝાઈન સાથે, તે પ્રદૂષણ પણ ઓછું કરશે.આ એર ટેક્સી શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે સમયનો બચાવ. સિટી સેન્ટરથી એરપોર્ટ પહોંચવા માટે બે કલાકનો સમય લાગે છે, તે પણ ટ્રાફિક ન હોય ત્યારે. ટ્રાફિકમાં ચારથી પાંચ કલાક પણ નીકળી શકે છે. આ એર ટેક્સી સર્વિસ સિટી સેન્ટરથી એરપોર્ટ ફક્ત ૨૦ મિનિટમાં પહોંચાડી દેશે. આ સર્વિસ બિઝનેસમેન, વધુ ફલાઈટનો ઉપયોગ કરનાર, અને સમય ઓછો હોય અને જલદી પહોંચવું હોય તેવા લોકોને ખૂબ ફાયદાકારક રહેશે. બેંગલુરુ એરપોર્ટથી ઈલેક્ટ્રોનિક સિટી સુધી મુસાફરી માટે અંદાજે ૧૭૦૦ રૂપિયા ચાર્જ કરવામાં આવશે. આ પૈસા કેટલીક પ્રીમિયમ કેબ સર્વિસ કરતાં પણ ઓછા છે. બેંગલુરુમાં પ્રીમિયમ કેબ સર્વિસ પણ વધુ ચાર્જ કરે છે અને એની સરખામણીમાં આ ટેક્સી વધુ સારી અને ઝડપી સેવા પૂરી પાડશે.આ એર ટેક્સી ઈલેક્ટ્રિસિટી પર ચાલે છે, એટલે તે પ્રદૂષણ પેદા નહીં કરે. આથી ઘણા લોકો ટેક્સી અને પ્રાઈવેટ કારનો ઉપયોગ ટાળશે, કારણ કે એર ટેક્સી વધુ ઝડપથી પહોંચાડી શકે છે. જેટલો ઓછો પેટ્રોલ-ડીઝલ ટેક્સીનો ઉપયોગ, તેટલું ઓછું પ્રદૂષણ. આ ટેક્સી ૨૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચાલી શકે છે. આ ટેક્સીમાં પાઈલટની સાથે છ પેસેન્જર બેસી શકશે. તેની ચાર્જ થવા માટે ફક્ત ૧૫ મિનિટનો સમય લાગશે. આ ટેક્સીની રેન્જ ૧૬૦ કિલોમીટરની છે. એરપોર્ટથી સિટી સેન્ટર સુધીની મુસાફરી ૨૦થી ૪૦ કિલોમીટરની અંદર થઈ શકે છે.



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# સમય બડા બલવાન



સમય પાંખો વગરનું એવું પંખી છે કે જે સતત, અવિરત અને નિરંતર એકજ ગતિ અને લયમાં ઉડતું રહે છે.કોઈપણ વ્યક્તિ ધારે ત્હોય સમયને પકડી કે રોકી શકે નહીં. સમયને વખત, સમો કે વેળા તરીકે પણ ઓળખવામાં આવે છે. સમય ક્યારેય કોઈ ઠેકાણે બે ઘડી વિરામ કે આરામ કરતો નથી. દિવસ હોય કે રાત સમય સતત ચાલતો જ રહે છે. સમય ક્યારે પણ, કોઈ એક વ્યક્તિનો થઈને રહ્યો નથી. સમયની ગહેરીચાલમાં ભલભલા માંધાતા પણ સપડાઈ જાય છે અને ખત્તા ખાઈ જાય છે. સમય કદીપણ કોઈ વ્યક્તિ માટે પળભર માટે પણ રોકાતો નથી. સમય કાળા ગોરા કે ઉચ્ચ નીચના ભેદભાવ જોતો નથી. કુદરતે દરેક વ્યક્તિ માટે સમય એક સરખો જ બનાવ્યો છે, પરંતુ આપણે સમયનો કેવો સદુપયોગ કરીએ છીએ, તે આપણાં ઉપર આધાર રાખે છે. ઘણાં માણસો સમયની એક એક મિનિટનો સદુપયોગ કરે છે, જ્યારે અમુક માણસો ફાલતું અને અર્થહીન વાતોમાં પોતાનો કિંમતી સમય વેડફી નાંખે છે.

સમય રાજાને રંક અને રંકને રાય બનાવી નાંખે છે. સમયની બલિહારીને કારણે રાજા રામને ૧૪ વર્ષનો વનવાસ ભોગવવો પડ્યો હતો. સમય આપણને જાતજાતના સારા તથા નરસા અનુભવો કરાવે છે. સમય આગળ દરેક માનવી પામર, લાચાર અને તુચ્છ સાબિત થાય છે.

સમયનો કોઈ રંગ, રૂપ, ઘાટ અને આકાર હોતો નથી કે સમયને જોઈ શકાતો નથી, છતાંપણ આખી દુનિયાને સમયના આધિન રહેવું પડે છે. કોઈ વ્યક્તિ સમય કરતાં મહાન નથી. આપણે જો જીવનમાં પ્રગતિ કરવી હોય તો, સમય સાથે તાલ મિલાવી ચાલવું જ પડશે. નહિંતર સમય આપણાને તણખલાની માફક રસ્તા ઉપર ફેંકીને આગળ નિકળી જશે. સમય એ આપણા જીવનમાં સૌથી શક્તિશાળી તત્વોમાંથી એક છે. તે પાંખો વિના ઉડતું એક પંખી છે, જે સતત આગળ વધી રહ્યો છે. સમયના મહત્વને સમજવું જરૂરી છે, કારણ કે તે કોઈપણ વ્યક્તિ માટે સરસ બદલાવ લાવવાનો મોકો આપે છે.

જ્યારે આપણે સમયને વહેલો કે બાદમાં લાગતા રહીએ છીએ, ત્યારે અમે મૂળભૂત રીતે જીવંત પ્રસંગોને છોડી દઈએ છીએ. સમયના પ્રવાહમાં ક્યારેક આપણને લાગશે કે સમય કમાઈ રહ્યો છે, પણ વાસ્તવમાં, તે અવિરત રીતે આગળ વધે છે. સમયને કેવી રીતે વાપરવું તે અમારું નિર્ધારણ કરે છે. સફળતા માટે મહત્વપૂર્ણ છે કે આપણે સમયનો યોગ્ય ઉપયોગ કરીએ. અભ્યાસ, કાર્ય, પરિવાર અને મનોરંજન-આ બધામાં સમયનું યોગ્ય આયોજન આવશ્યક છે.

સમય ફક્ત એક અવકાશમાં ચાલતું નથી, પરંતુ આપણને જીવનના તમામ તબક્કાઓને અનુભવવાનું અને જ્ઞાન મેળવનાર બનાવવાનું છે.. સમયનો પ્રતિસાદ આપતી બાબતોમાં, જીવનની દરેક ક્ષણને મૂલ્યવાન બનાવવું અને દરેક દિનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો જિંદગીનું ધ્યેય હોવું જોઈએ. સમય, ખરેખર, બડું બલવાન છે.

**દિવાળી સમયે દુકાનોમાં ગ્રામ્ય પ્રજા-અન્ય શ્રમજીવી પ્રજાના લોકો દ્વારા જે કંઈ ખરીદી થાય, એટલી આમદની લોકલ માર્કેટના ધંધાદારીઓને મળે છે**

# એમેઝોન એપ્લિકેશન જેવી ઓનલાઇન શોપિંગની વ્યાપકતા દેશને ફરીથી ગુલામી તરફ દોરી રહી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શ્રમજીવી તેમજ ગ્રામ્ય જનતા પાસે આમ પણ એટલી બચત હોતી નથી, એટલે સમાજનો નોકરિયાત વર્ગ પાસેથી જે આવક થવી જોઈએ, એ આવક ન થતા ધંધા રોજગાર ઠપ થતા જાય છે, આજકાલ તો સતત ક્યાંકને ક્યાંક યુદ્ધ જેવી સ્થિતિ હોવાથી હીરામાં પણ વારંવાર મંદી આવે છે.**

સમાજ દર્શનમાં જોઈએ તો આજકાલ દિવાળીને લઈને લોકોમાં સારું એવું એક્સાઈમેન્ટ છે, અને એ અંગેની ખરીદી પણ ધૂમ મચાવી રહી છે, તો બીજી બાજુ ઓછી આવક ધરાવતો સમાજ દિવાળી સુધી તહેવાર માટે કોઈ ખરીદી કરી શકતો નથી. આ વિરોધાભાસ શું કામ સર્જાય છે?: દેખીતી રીતે મંદીની અસર સમાજના ધનવાનોને વર્તાતી નથી, તેમજ ઉચ્ચકક્ષાના નોકરિયાત મધ્યમ વર્ગને ઓછી વર્તાય છે. કારણ કે તેઓને એમ બે પાંચ રૂપિયાથી એટલો ફેર પડતો નથી, એટલે એ લોકો પોતાની જરૂરિયાતોને આસાનીથી સંતોષી શકે છે, અને તહેવાર અંતર્ગત જે કંઈ ખરીદવું હોય તેનું આયોજન કરી અને ખરીદી શકે છે. જ્યારે મધ્યમ વર્ગમાં પણ મધ્યમ શ્રેણી અને શ્રમજીવી લોકોને તહેવારના સમયે રૂપિયાની અછત વર્તાય છે. કારણ કે રોજગારી ઘટી ગઈ હોવાથી, એટલું સારું કામ મળતું નથી, અને આજીવિકા માટે જે કંઈ સાધન સ્વીકાર્યું હોય એમાંથી રોજિંદુ જીવન પણ માંડ નીકળતું હોય છે. અહીં એક વાત ખાસ એ પણ લખવી જરૂરી છે કે આ વર્ગના લોકો આયોજન કરીને જીવતા નથી, અને જે આવ્યું હોય એમાંથી કંઈ બચી શકે એમ છે કે નહીં? એ પણ વિચારતા નથી, અને વ્યસનમાં વાપરી નાખે છે. કોઈએ બચાવ્યા હોય તો એ ઓચિંતાની માંદગી મહેમાન કે વ્યવહાર આવી જતા વપરાય પણ જતા હોય છે. એટલે એકંદરે દિવાળી વખતે એમની પાસે રુપિયા ન હોવાથી પોતાની ઈચ્છા પ્રમાણે તહેવાર ઉજવી શકતા નથી. અત્યારે હમણાં જ એમેઝોનનું સુપર ધમાકા સેલ સમાપ્ત થયું અને એમાં બ્રાન્ડેડ ટીવી, ફોન,એસી માઈક્રોવેવ, ઓવન, એસી, ફ્રીઝ, વેક્યુમ ક્લીનર, ગેસ બોટમ, હોટ પ્લેટ, એરિસ્ટોક્રેટ વીઆઈપી કે અમેરિકન ટુરિઝમની બેગ, વોશીંગ મશીન, મિક્ષ્ચર, જ્યુસર અને અન્ય કીચન વેર, ફેશન એસેસરીઝ, તેમજ બ્રાન્ડેડ કપડાં જાતજાતનું, ૧૦% થી શરૂ કરીને ૫૦% ઉપર સેલમાં વેચાય છે, અને સૌ આવાં સેલની રાહ જોઈ ખૂબ ખરીદી કરે છે. બેરોજગારી સર્વોચ્ચ સપાટીએ હોવાનું એક કારણ આ પણ છે કે, સ્માર્ટ ફોનના આવતા સોશિયલ મીડિયા અતિ પ્રચલિત પ્લેટફોર્મ બન્યું છે, અને ભારત સહિત અન્ય વિદેશી ઓનલાઈન શોપિંગની ભરમાર અહીં શરૂ થઈ છે, અને એ પ્રમાણમાં સસ્તુ તથા ગુણવત્તા ભર્યું પણ હોય છે. કોઈ કોઈ ફેક કંપની પણ હોય, એટલે ઘણી વાર લોકો છેતરાતા પણ હોય છે. પરંતુ ઘરે બેઠા આપણી વસ્તુઓ આરામથી પ્રાપ્ત થાય, અમુક દિવસનો એક્સચેન્જ તેમજ કેન્સલનો ઓપ્શન મળતો હોય, આ ઉપરાંત કિંમત પણ ઓછી હોય, તો કોઈ શું કામ ન ખરીદે!! બસ આ કોન્સેપ્ટ ધીરે ધીરે હવે વ્યાપક બનતો જાય છે, અને જેને કારણે રોજગારી ઘટી રહી છે. દિવાળી સમયે દુકાનોમાં ગ્રામ્ય પ્રજા અને અન્ય શ્રમજીવી પ્રજાના લોકો દ્વારા જે કંઈ ખરીદી થાય, એટલી આમદની લોકલ માર્કેટના ધંધાદારીઓને મળે છે. શ્રમજીવી તેમજ ગ્રામ્ય જનતા પાસે આમ પણ એટલી બચત હોતી નથી, એટલે સમાજનો નોકરિયાત વર્ગ પાસેથી જે આવક થવી જોઈએ, એ આવક ન થતા ધંધા રોજગાર ઠપ થતા જાય છે. આજકાલ તો સતત ક્યાંકને ક્યાંક યુદ્ધ જેવી સ્થિતિ હોવાથી હીરામાં પણ વારંવાર મંદી આવે છે, અને કેટલાય કારખાનોમાં દિવાળીનું વેકેશન ૧૫ દિવસ પહેલા પડી જાય. કેટલાય હવે નહીં ખુલે એવી દહેશતમાં તહેવાર કેમ ઉજવે! આર એસ એસ તો એમેઝોનને ઈસ્ટ ઈન્ડિયા કંપની તરીકે સરખાવે છે અને કહે છે કે એમેઝોનનું વિસ્તરતું વ્યાપક પ્રમાણ આપણને ફરીથી ગુલામી તરફ દોરી રહ્યું છે, આ ઉપરાંત વિદેશી કંપનીઓ એપલ અને બીજી કેટલીય કંપનીઓ માર્કેટમાં પોતાના દેશ કરતાં પણ વધું રૂપિયા આપણી પાસેથી કમાઈ લે છે, અને એટલે એમનાં આર્થિક તંત્ર મજબૂત બને છે. જો કે હવે ઈન્ડિયન ઓનલાઈન શોપિંગ કંપનીઓ પણ શરૂ થઈ છે, પરંતુ એ બધાં હોય કે વિદેશી હોય જો ઓનલાઈન શોપિંગનું પ્રમાણ વધતું જશે, તો આવા શ્રમજીવી વર્ગને રોજગાર ક્યાંથી મળશે?? એ પણ એક બહુ ચિંતાજનક વાત છે, અને આ બધાને કારણે આપણા મધ્યમ વર્ગના લોકો બેરોજગારી તેમજ ગરીબીમાં પીસાય છે. રાષ્ટ્રીય પુરસ્કૃતથી નવાજેલા ખેલાડીઓ તેમજ અન્ય ક્ષેત્રોના અગ્રણી, અભિનેતા તેમજ અભિનેત્રી ઓ આવી કંપનીઓનાં બ્રાન્ડ એમ્બેસેડર બની આજીવન કમાણી કરે છે, અને આમ ધનવાન વર્ગ વધુને વધુ ધનવાન થતો જાય છે, અને એ જ રીતે ગરીબ વધુને વધુ ગરીબ થતો જાય છે. આવું આપણે એટલે ચિંતન કરી રહ્યા છીએ કે, એ આપણા જ ભાઈ બહેનો છે, અને આપણા સમાજની આવી ઓછી આવક ધરાવતી વ્યક્તિઓ વિશે આપણે નહીં વિચારીએ તો બીજું કોણ વિચારશે? વિકાસ એની રીતે બરોબર છે, પરંતુ સમાજનો સર્વાંગી વિકાસ થાય ત્યારે જ તે આલેખનીય છે, અને ગરીબ અને ધનવાન વચ્ચેની ખાઈ તો દિવસે ને દિવસે વધતી જ જાય છે. એટલે સર્વાંગી વિકાસ તો દેખાતો નથી, એ એક જગ જાહેર બાબત છે. રાષ્ટ્રપ્રેમ દેખાડવાના ઘણા બધા રસ્તાઓ છે, બોર્ડર પર યુદ્ધ કરનારા તો પોતાના જીવની બાજી લગાવે જ છે! પરંતુ આપણે પણ આપણાથી ઓછી આવક ધરાવતા લોકોના ધંધા રોજગાર ચાલતા રહે, એવું કંઈક પગલું ભરવું જરૂરી છે. એમના ઘરે પણ દિવાળીના દીવડાવો પ્રગટે, એ માટે નાના નાના ફેરિયાઓ તેમજ રોડને કાંઠે બેઠેલા લોકો પાસેથી નાની મોટી વસ્તુઓ ખરીદી, એમને બે પાંચ રૂપિયા મળે એવું કંઈક કરવું જોઈએ. જાણતા હોઈએ કે આ વસ્તુનો આટલો જ ભાવ છે, તે છતાં બે પાંચ રૂપિયા વધુ દઈને પણ એની ખરીદી કરવી, આ ઉપરાંત આપણા ઘરે રોજીંદા ઘરકામ માટે આવનારા પ્રત્યે પણ મમતાનું વલણ રાખવું, અને જુનું તો આપવું જ પણ નવું પણ લઈ દેવું, જેથી કરીને એ લોકો પણ દિવાળીનો ઉત્સવ ઉજવી શકે. નાના માણસોને કામ મળશે કે આવી લાગણી અને હુંફ મળશે તો એ લોકો છેતરપિંડી, ચોરી, લૂંટ, હિંસા, બલાત્કાર, હત્યા જેવા ગુનાઓમાંથી પણ બહાર આવશે, અને એ રીતે પણ સમાજ સુંદર બનશે. ધનવાન કરે કે ના કરે! પરંતુ મધ્યમ વર્ગના લોકોએ તો, એવાં આપણા જ ભાઈ બહેનોની લાગણીને સમજવી જોઈએ, અને આપણાથી જે રીતે થાય, એ રીતે એમની મદદ કરીને એમનું ગુજરાન ચાલે છે કે નહીં એ જોવું જોઈએ! તો આ છે આપણા જ સમાજનું એવું દર્શન, કે જેને જાણવા છતાં વિકાસને નામે આપણે વિમુખ થતાં જઈએ છીએ! દેશને ઉપર ઉઠાવવો હશે, તો આપણે આ બધું જ કરવું પડશે, અને તો જ આપણે ભારતીય હોવાનો દાવો કરી શકીશું. માત્ર ચુંટણીકાર્ડને આધારે ભારતીય કહેવડાવવું, એ એટલું યોગ્ય કે પર્યાપ્ત નથી, આ એ જ સમય છે, કે જે હર ઘડી આપણને નવયુગ નિર્માણ માટે પોકારી રહ્યો છે. જય હિન્દ.

**જીવની પાસે મૂડીમાં છે શું? નથી વિદ્યા, નથી બળ, પણ પ્રભુની કૃપા એને માથે વરસાવવા તૈયાર છે, એ કૃપાના સહારે રહેતો એ તરી જાય**

# સંસારના સુંદર વિષયો જોઈ આંખ તેની પાછળ દોડે છે, જાણે છે કે આ મારું નથી, મને મળવાનું નથી, છતાં પાપ કરે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આજે બધા કાળ બગડયો એમ કહે છે, પણ કાળ શું બગડે? કાળજું બગડયું છે એની બધી પીડા છે, મનુષ્ય પરસ્પર એક બીજા પર પ્રેમ રાખે, એકબીજાને દેવ સમજે તો કળિયુગનો સતયુગ થઈ જાય!પૂતનાને જોઈ ભગવાને આંખો કેમ બંધ કરી?એનાં કારણોમાં મહાત્માઓ કહે છે કે પૂતના સ્ત્રી છે, અબળા છે, તેથી અવધ્ય છે, પણ એને માર્યા વગર છૂટકો નથી એટલે આંખ બંધ કરી છે.**

આજે રજાનો દિવસ એટલે રવિવાર નિરાંતની પળોમાં ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો માનવી પૃથ્વી પર બીજા જીવોનો અને કુદરતી સંપત્તિનો કુદરતે મૂકેલો રક્ષક ચોકીદાર જીવ છે.તે હંમેશાં એવું ઈચ્છે છે કે તેના માલિકના દર્શન મુલાકાત થાય.એટલે જ મંદિર મસ્જિદ દેરાસર ચર્ચ દેવળ અગિયારી ગુરૂદ્વારામાં જઈ સતત તલપાપડ બની જાય છે.તો આવો કંઈક ભગવદ્ જ્ઞાન થકી મેળવવા પ્રયત્ન કરીએ.દર્શનમાં આનંદ ત્યારે આવે છે, જ્યારે ભગવાન આંખ આપે છે. પૂતના જેવું મલિન હ્રદય લઈ દર્શન કરવા જનારને ભગવાન પૂછે છે કે, હું તને આંખ આપતો નથી. હું આંખો બંધ કરું છું! જેના મનમાં પાપ ભર્યું છે એની સામે હું જોતો નથી.ભગવાન તો અંતર્યામી છે.એ કપડાંને જોતા નથી. કાળજાને જુએ છે. ભગવાનને એટલું જ કહેવાની જરૂર છે કે,નાથ,હું તમારો છું. તમારે શરણે આવ્યો છું.મને ભવ સાગર ઉતારો!હું ખરેખર કુટીલ, ખલ અને કામી છું. જેણે મનુષ્ય જન્મ દીધો તે ભગવાનને ભૂલી ગયો. એવો હું નિમક હરામી છું, છતાં તમે દયાળુ છો. તમારી દયા યાચું છું. જીવની પાસે મૂડીમાં છે શું? નથી વિદ્યા, નથી બળ.પણ પ્રભુની કૃપા એને માથે વરસાવવા તૈયાર છે. એ કૃપાના સહારે રહેતો એ તરી જાય. પ્રભુ તો પરમ દયાળુ છે. એમણે તો કહેલું જ છેકે,મારે શરણે આવે તેના કરોડો જન્મનાં પાપ પણ હું નાશ કરી દઉં છું. ગીતામાં ભગવાન કહે છેકે, જે મારે શરણે આવ્યો, મારો ભક્ત થયો તેનો કદી વિનાશ થતો નથી. તેનો વિનાશ કરવાની કોઈની તાકાત નથી. પ્રભુની સામે થઈને જીતે એવું કોણ છે?એટલે પ્રભુ ભક્તનો વિનાશ કરવાની કોઈની દેન નથી. ભક્તમાં શુદ્ધ પ્રેમ છે, તેથી એ ભગવાનને વશ રાખે છે. ભગવાન એને વશ વર્તે છે.આજે બધા કાળ બગડયો એમ કહે છે, પણ કાળ શું બગડે?કાળજું બગડયું છે એની બધી પીડા છે. મનુષ્ય પરસ્પર એક બીજા પર પ્રેમ રાખે,એકબીજાને દેવ સમજે તો કળિયુગનો સતયુગ થઈ જાય!પૂતનાને જોઈ ભગવાને આંખો કેમ બંધ કરી?એનાં કારણો માં મહાત્માઓ કહે છે કે પૂતના સ્ત્રી છે,અબળા છે, તેથી અવધ્ય છે. પણ એને માર્યા વગર છૂટકો નથી એટલે આંખ બંધ કરી છે.આ સ્ત્રીને મારવામાં શું બહાદુરી? આ સ્ત્રીને મારવી પડશે એમ વિચારી સંકોચથી ભગવાને નેત્ર બંધ કર્યા છે.બીજા મહાત્મા કહે છે કે,ના, એ કારણ નથી. પૂતના સ્ત્રી છે, પણ રાક્ષસી છે. અનેક બાળકો મારીને આવી છે એટલે તેને મારવામાં સંકોચ રાખવાની જરૂર નથી. આંખ બંધ કરવાનું કારણ તો બીજું છે. ભગવાનની આંખમાં જ્ઞાન વૈરાગ્ય છે. પ્રભુએ વિચાર કર્યો કે,હું પૂતના ને આંખ આપું તો એને જ્ઞાન થઈ જશે કે, હું ઈશ્વર છું. તેથી તેઓ મને ધવડાવ શે નહીં અને મારે જે લીલા કરવી છે તે થશે નહીં, તેથી તેઓ આંખ બંધ કરે છે.આ દલીલ પણ જોર દાર છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે, જેના પર હું કૃપા કરું છું, નજર કરું છું તેને મારા સ્વરૂપનું જ્ઞાન થાય છે.ભગવાન જેની સામે જુએ એને બધે ભગવાન જ ભગવાન દેખાય ને! એકલા પૂતના સામે જુએ તો પૂતનાને જ્ઞાન થઈ જાય



છે કે,આ તો કાળનોય કાળ છે.એટલે સામાન્ય બાળક સમજી એ એને મારવા આવી છે એ વાત રહે નહીં, તો પછી લીલા થાય કેવી રીતે ત્રીજા મહાત્મા કહે છે કે, ના, ના, આ કારણ મને સાચું લાગતું નથી. પૂતનાને આંખ આપે એટલે તેને જ્ઞાન થાય એ સાચું નથી. દુર્યોધનને ક્યાં જ્ઞાન થયું હતું પણ પૂતના ઝેર દેવા આવી છે, ત્યારે લાલાએ વિચાર કર્યો કે,આને વૈકુંઠમાં લઈ જાઉં કે ગોલોકમાં? પૂતનાને કઈ ગતિ આપવી તે વિચારવા ભગવાને આંખ બંધ કરી છે.૪.તો વળી એક મહાત્મા કહે છે કે, કોઈ પુણ્ય વગર ઈશ્વર પાસે કે પૂર્વ જન્મમાં શું પુણ્ય કર્યું છે તે શ્રી કૃષ્ણે આંખ બંધ કરી છે જેની સાથે બહુ પ્રેમ કરો છો. મનુષ્ય કોઈ સાધારણ કારણથી અતિ વેર કરશે. ૫. તો વળી એક મહાત્મા કહે છે, ના, એ પણ કારણ નથી. કનૈયો વિચારે છે કે, મેં તો માનેલું ગોકુળમાં લોકો મને માખણ મીસરી ખવડાવશે પણ અહીં માખણ- મીસરી કોઈ આપતું નથી અને ઊલટી આ ઝેર આપવા આવી છે. આ બીકથી લાલાએ આંખ બંધ કરી છે. ૬.વળી એક મહાત્મા કહે છે, પરમાત્માને કાંઈ બીક લાગતી હશે? એ તો કનૈયો આંખ બંધ કરી શંકરનું ધ્યાન ધરે છે અને કહે છે કે, તમને ઝેર પીવાની આદત છે તો આવો, તમે આ ઝેર પીઓ, હું દૂધ પીશ!૭. વળી મહાત્માઓ કહે છે કે, મને આ કારણ યોગ્ય લાગતું નથી. શ્રીકૃષ્ણ શું ઝેર પી ન શકે? એ તો કાળના પણ કાળ છે, પણ આંખો બંધ કરવાનું કારણ બીજું છે. શ્રી કૃષ્ણની આંખમાં સૂર્ય-ચંદ્ર છે. શ્રીકૃષ્ણ પૂતનાને મારી મોક્ષ ગતિ આપવાના છે તે સૂર્ય-ચંદ્રને ઠીક ન લાગ્યું, તેથી આંખો બંધ થઈ. ૮.વળી એક મહાત્મા કહે છે કે, મને આંખો બંધ કરવાનું કારણ જુદું લાગે છે. ભગવાન વિચારે છે કે, આ ઝેર આપનારીને હું મુક્તિ આપું છું તો આ ગોપ અને ગોપીઓ જે પ્રેમથી મને માખણ-મીસરી આપેછે,તેમને કઈ ગતિ આપીશ? એના વિચારમાં પ્રભુએ આંખ બંધ કરી છે.મહાત્માઓ દસમ સ્કંધમાં પાગલ થયા છે. જીવ ગોસ્વામી રાજાના દિવાન હતા. તે શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ થયાછે.સનાતન ગોસ્વામી બંગાળ ના મોટા જમીનદાર હતા. દશમ સ્કંધનો પાઠ એક વખતસાંભળ્યો કે,શ્રી કૃષ્ણ પ્રેમમાં પાગલ થયા! સર્વસ્વનું દાન કરી દીધું અને તાડપત્રીની લંગોટી બાંધી લીલા નિકુંજમાં રાધે શ્રી કૃષ્ણ,રાધે શ્રીકૃષ્ણ, રાધે શ્રીકૃષ્ણ કરતા નીકળી પડયા. રામાયણની શૂર્પણખા અને ભાગવતની પૂતના એક જ છે.શૂર્પણખા પણ વાસના છે. કનૈયો હજુ છ દિવસનો થયો. હજુ રાધા જી આવ્યા નથી.રામ જન્મમાં તો સીતાજી સાથે હતાં, તેથી સીતાજી ઉપર નજર રાખી શૂર્પણખાને જવાબ આપ્યો હતો, પણ આ જન્મમાં હજુ રાધાજી તો આવ્યાં નથી એટલે કોના ઉપર નજર રાખું ? પૂતના આંખમાંથી અંદર આવે છે. સંસારના સુંદર વિષયો જોઈ આંખ તેની પાછળ દોડે છે.જાણે છેકે આ મારું નથી, મને મળવાનું નથી, છતાં પાપ કરે છે. પૂતનાએ યશોદાને કહ્યું કે,હું તમારા બાળકને ધવડાવું તો પુષ્ટ થશે. યશોદાએ પારણામાંથી બાલકૃષ્ણ ને ઊઠાવી પૂતનાની ગોદમાં આપ્યો માસીબા ખૂબ લાડ કરે છે, પણ કનૈયો જાણે છે કે, આ લાડ કરવા નથી આવી પણ મારવા લાગી છે. પૂતના યશોદાને કહે છે, મા, તમારે ઘરનું કામ હોય તો જાઓ!હું લાલાને સંભાળીશ! યશોદા ઘરનું કામ કરવા જાય છે ત્યારે પૂતના કપટથી બાલકૃષ્ણને ધવડાવવા લાગે છે, પણ ભગવાન તો એના પ્રાણને ચૂસવા લાગે છે.ત્યારે પૂતના વ્યાકુળ થઈ બૂમાબૂમ કરી મૂકે છે કે મને છોડ! પણ ભગવાન જેને પકડે તેને કોણ છોડાવીશકે? ભગવાન કહે છે કે, મને પકડતાં જ આવડે છે. છોડવાનું મને માએ શીખવ્યું નથી. અર્થાત્ હું કોઈને જલદી અપનાવતો નથી અને અપનાવ્યા પછી છોડતો નથી, પૂતના,તને હું આજે છોડીશ નહીં, તારો ઉદ્ધાર કરીશ.આમ ભગવાન નાં મારમાં પણ પ્યાર છે. પરમ આશ્ચર્ય થયું છે! મને છોડ, મને છોડ! એમ બે વખત પૂતના બોલી છે. જાણે કહેતી ન હોય કે આલોક કે પરલોકમાંથી છોડાવી કનૈયા, તારા ધામમાં, ગોલોકમાં મને લઈ જા અથવા અહંતા- મમતામાંથી મને છોડાવી મને કૃતાર્થ કર! પૂતનાએ વ્યાકુળ થઈ રાક્ષસી રૂપ ધારણ કર્યું છે.એ આકાશમાર્ગે શ્રીકૃષ્ણને લઈ જતી હતી ત્યારે શ્રીકૃષ્ણે એને કંસના બગીચાના એક વૃક્ષ ઉપર પાડી. કંસનો એ બગીચો ગોકુળ પાસે છે. પૂતના પડ્યા પછી ધડાકો થાય છે. રાક્ષસીના વક્ષઃ સ્થળ ઉપર બાલકૃષ્ણ વિરાજ્યા છે. ગોપીઓ દોડતી આવી.યશોદાને ઠપકો આપ્યો કે, અમે અનેક બાધાઓ રાખી ત્યારે તારે ત્યાં છે.મને બાળકની લાલન પાલનની ખબર નથી. હવે તમે કહેશો તેમ કરીશ. ગોપીઓ કહે છે કે,થયો અને તને કદર નથી.કોઈ પારકી સ્ત્રીને તમારે બાળક સોપવું નહીં! આજે પારકી સ્ત્રીની નજર લાગી છે તે ઉતારવી પડશે. લાલાને ગાયો વહાલી છે.તેમાં યે ગંગી ગાય બહુ જ વહાલી. લાલાની ઝાંખી ન થાય ત્યાં સુધી ગંગી ગાય પાણી પીતી નથી, ઘાસ પણ ખાતી નથી.ગોવાળો કહે,મા, લાલાને ગૌશાળામાં લઈ આવો લાલાને ગૌશાળામાં લઈ આવે, ત્યારે લાલાની ઝાંખી કરી ગંગી ગાય ખડ ખાણ ગોપીઓ કનૈયાને આ ગંગી ગાય પાસે લઈ જાય છે. અનેક વર્ષ તપસ્યા કરવા છતાં મનમાંથી અભિમાન ગયું નહીં, કામ ગયો નહીં, ત્યારે મોટા મોટા ઋષિમુનિઓ ગોકુળમાં ગાયો થઈ ને આવ્યા છે.નિષ્કામ શ્રીકૃષ્ણ ને કામ અર્પણ કરી નિષ્કામ થવાની એમની ઈચ્છા છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત દીપોત્સવી નવા વર્ષની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે ત્યારે વરસાદની વિદાય બાદ હવામાન વિભાગ માવઠાની આગાહી કરે છે ત્યારે મેઘરાજા હવે શાંત થાય તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### ડિજીટલ અને સેટેલાઇટ રાઇટ્સની ડીલની કમાણીથી રેકોર્ડ તૂટ્યા

# અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨-ધ રુલ'ની ઐતિહાસિક ૯૦૦ કરોડની ડીલ



## અલ્લુ અર્જુનની બહુચર્ચિત 'પુષ્પા ૨-ધ રુલ'ની દર્શકો લાંબા સમયથી આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે

અલ્લુ અર્જુનની બહુચર્ચિત 'પુષ્પા ૨-ધ રુલ'ની દર્શકો લાંબા સમયથી આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ફિલ્મના મેકર્સ દ્વારા થોડા વખત પહેલા એક પોસ્ટર લોંચ કરવામાં આવ્યું હતું. જેમાં પુષ્પા ખુબ આત્મવિશ્વાસથી એક ખુરશી પર બેઠેલો દેખાય છે. તેની ઈન્ટેન્સિટી અને સ્વેગથી તેના ફેન્સ ખુશ ખુશ થઈ ગયા છે. ફિલ્મ ૬ ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે, ત્યારે તેને આડે માત્ર ૫૦ દિવસ રહ્યા છે. ત્યારે મેકર્સે રિલીઝ પહેલાં જ ઈતિહાસ રચ્યો છે. ફિલ્મ મેકર્સે ડિજીટલ અને સેટેલાઈટ રાઈટ્સ માટે ૯૦૦ કરોડની ડીલ કરી છે. કારણ કે આ વખતે દર્શકો અને મેકર્સ બંનેને વિશ્વાસ છે કે ફિલ્મના પહેલા ભાગની જેમ જ આ ભાગમાં પણ એક્શન અને ડ્રામા નવી ઊંચાઈએ પહોંચશે. મૈથ્રી મુવી મેકર્સે આ અંગે પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરતા લખ્યું હતું, "હવે બહુ વધારે રાહ જોવાની નથી, પુષ્પા રાજ માણવામાં ૫૦ દિવસ બાકી રહ્યા છે." દર્શકોને આશા છે કે આ વખતની વાર્તા પણ જકડી રાખે તેવી હશે અને તેમાં પુષ્પાના શાસનની નવી બાજુ જોવા મળશે. સાથે તેમાં અલ્લુ અર્જુન, રશ્મિકા મંદાના અને ફહાદ ફાઝિલ પણ છે, તો હવે કેવા નવા ટ્વિસ્ટ આવશે તે જોવા લોકો આતુર છે. 'પુષ્પા ૨'ને લઈને જે ઐતિહાસિક ૯૦૦ કરોડની ડીલ થઈ છે, તે ફિલ્મ ઉદ્યોગમાં એક મહત્વપૂર્ણ માળખો રજૂ કરે છે. આ ડીલમાં વિવિધ ક્ષેત્રો જેમ કે ફિલ્મના ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિબ્યુશન, મર્ચેન્ડાઈઝિંગ, અને OTT રાઈટ્સનો સમાવેશ થાય છે. આ ડીલનો ઉદ્દેશ માત્ર આ ફિલ્મની આવક વધારવા માટે નથી, પરંતુ તે ભવિષ્યમાં ગુજરાતી અને ભારતીય ફિલ્મોના માર્કેટિંગ માટે એક નવો માર્ગ પણ દર્શાવે છે.

### મારી મા મને પરણેલો જોવા આતુર છેઃ કુશલ ટંડન

# ટીવી સ્ટાર કુશલ ટંડન અને શિવાંગી જોશીએ રિલેશનશિપ સ્વીકારી લીધી

ઘણા લાંબા સમયથી ટીવી અને રિયાલિટી શોના જાણીતા ચહેરા એવા કુશલ ટંડન અને 'યે રિશ્તા ક્યા કહેલાતા હે' સિરીયલ સહીત ઘણી સિરીયલની જાણીતી એક્ટ્રેસ શિવાંગી જોશીની રિલેશનશિપ અંગે ચર્ચાઓ ચાલતી હતી. ત્યારે હવે આખરે કુશલે આ રિલેશનશિપ નો સ્વીકાર કર્યો છે અને કબૂલ્યું છે કે તેઓ ધીરે ધીરે આગળ વધવા માગે છે. કુશલ અને શિવાંગી 'બરસાતેં મૌસમ પ્યાર કા' સીરિયલમાં સાથે કામ કરતાં હતાં. ઘણાં વખતથી તેઓ સાથે હોવાની ચર્ચા ચાલતી હતી પરંતુ બંને આ અંગે મૌન રહેતાં હતાં. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં કુશલ ટંડને કબૂલાત કરી છે. કુશલને ઈન્ટરવ્યૂમાં તેના મેરેજ પ્લાન અંગે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે કહ્યું,"હું હમણા મેરેજ કરવાનો નથી, પરંતુ હા, હું પ્રેમમાં છું. અમે ધીરે ધીરે આગળ વધી રહ્યાં છીએ. મારી મા મને પરણેલો જેવો આતુર છે, એનું ચાલે તો મારા લગ્ન આજે જ કરાવી દે." પોતાના લગ્નના પ્લાન વિશે વધુ વાત કરતા કુશલે જણાવ્યું કે ગમે તે ગમે ત્યારે થઈ શકે છે. તેણે એ પણ



સ્વીકાર્યું કે તેના પૅરેન્ટ્સ દ્વારા ઘણી શોધખોળ પછી આખરે તેને તેનો પ્રેમ મળી ગયો છે. તેથી તેમણે હવે શોધ-ખોળ બંધ કરી દીધી છે. કૌશલ અને શિવાંગીની જોડીને ટીવી પર દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો છે. ત્યારથી આ જોડીને તેમના ફૅન્સ કુશિવ કહીને બોલાવે છે. તેમના ઓફસ્ક્રીન બોન્ડને પણ ફૅન્સ બહુ વખાણે છે. કુશલે ઈન્ટરવ્યૂમાં એમ પણ કહ્યું કે તેના પૅરેન્ટ્સ હવે લખનૌથી મુંબઈ તેની સાથે રહેવા આવી ગયા છે. કારણ કે તેનું બાળપણ તો લખનૌમાં વિત્યું પરંતુ તે આગળના અભ્યાસ માટે યૂએસ જતો રહ્યો હોવાથી પાછળથી પૅરેન્ટ્સ સાથે સમય વિતાવી શક્યો નહોતો. તેથી હવે પૅરેન્ટ્સ સાથે વધુ સમય વિતાવી શકે તે માટે તે મુંબઈમાં મોટું ઘર પણ ખરીદી રહ્યો છે. સાથે જ તેની પાસે હાલ ટીવી અને ઓટીટી બંનેની ઓફર હોવાની પણ તેણે વાત કરી હતી.

# 'બાહુબલિ ૩' આવશે, પણ રાહ જોવી પડશે

ડિરેક્ટર એસ એસ રાજામૌલિની 'બાહુબલિ ૧' અને 'બાહુબલિ ૨' ફ્રેન્ટાઈઝીની ફિલ્મો ૨૦૧૫માં અને ૨૦૧૭માં રિલીઝ થઈ ત્યારે બંને ફિલ્મો એટલી સફળ થઈ હતી કે જાણે ભારતીય સિનેમામાં ક્રાંતિ આવી ગઈ હતી અને ફિલ્મ દર્શકોનો મોટો વર્ગ સાઉથની ફિલ્મો તરફ વળ્યો હતો. આ ફિલ્મોની સફળતા પછી સાઉથની ફિલ્મો સમગ્ર ભારતમાં રિલીઝ થવાની શરૂ થઈ હતી. પ્રભાસ સાથે બાહુબલિ બનાવવાનું પ્રોડ્યુસર જ્ઞાનવેલ રાજાનું આયોજન, 'બાહુબલિ'ની બંને ફિલ્મોએ આગળ જતાં 'પુષ્પા', 'આરઆરઆર', 'કેજીએફ' અને 'કંતારા' જેવી ફિલ્મો માટે નવો રસ્તો ખોલી આપ્યો હતો. હવે આ ફ્રેન્ચાઈઝી અંગે માહિષ્મતિ રાજ્યમાંથી એક નવી અપડેટ આવી છે, જે મુજબ આ ફ્રેન્ચાઈઝીની ફિલ્મોના પ્રોડ્યુસર કેઈ જ્ઞાનાવેલ રાજાએ જાહેર કર્યું છે કે 'બાહુબલિ ૩' બનશે. તેમણે કહ્યું કે ફિલ્મનું આયોજન થઈ રહ્યું છે અને ટીમ હાલ વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી રહી છે. તેમણે પહેલી બે ફિલ્મો એક પછી એક તરત જ રિલીઝ કરી હોવાથી હવે તેઓ ત્રીજા ભાગ માટે વધુ રાહ જોવા માગે છે. તેમણે આગળ કહ્યું કે ટીમ આ ફિલ્મ માટે પુરતો સમય લેવા માગે છે, જેથી દર્શકો ફિલ્મ સાથે જોડાઈ શકે. 'કલ્કિ ૨૮૯૮ એડી'ની સિક્વલ હજુ બે ફિલ્મો પછી રિલીઝ થશે. ત્યાર બાદ 'સાલાર ૧' અને 'સાલાર ૨' વચ્ચે પણ અંતર રાખવામાં આવશે. આ જ પ્રકારનું વલણ 'સિંઘમ' જેવી સફળ ફિલ્મોની સિરીઝમાં પણ જોઈ શકાય છે. પહેલાં દર્શકો સાથે ફિલ્મ મેકર્સને પણ બાહુબલિ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ અંગે શંકાઓ હતી. ૨૦૧૭માં જ્યારે બીજો ભાગ આવ્યો ત્યારે જ ફિલ્મના લેખક વિજયેન્દ્ર પ્રસાદ અને પ્રભાસ બંનેએ એવો સંકેત આપ્યો હતો કે બાહુબલિની વાર્તાનો અંત આવી ગયો છે. સાથે જ આ ફિલ્મના પાત્રોની કોમિકબૂક અને ટીવી સિરીઝ ચોક્કસ આવી હતી. જોકે, પ્રોડ્યુસરની જાહેરાતથી દર્શકોને હવે બાહુબલિને ફરી એક વખત મોટા પડદે જોવાની આશા જાગી છે.



# દેશના સૌ પ્રથમ આઈસ શો 'શહેરઝાદે'નું અમદાવાદમાં આગમન

### ઓલમ્પિક-બે વખત વર્લ્ડ ચેમ્પિયન તાતિયાના નાવકા સાથે ૫૦ કલાકારોનો કાફલો એકા એરેનામાં એરેબિયન નાઇટ્સની કથાઓ કરશે



અમદાવાદના કે ભારતના લોકો માટે આઈસ ફિગર સ્કેટિંગ શો એ બહુ નવી વાત છે. ખાસ કરીને અમદાવાદ જેવા શહેરમાં આઈસ સ્કેટિંગ એ બિલકુલ નવી બાબત છે. ત્યારે રશિયાના ૫૦ કલાકારોનો કાફલો આ શોમાં એરેબિયન નાઈટ્સની ૧૦૦૧ કથાઓ રજૂ કરી રહ્યો છે. આ કલાકારોને ઓલમ્પિકમાં આઈસ સ્કેટિંગ ચેમ્પિયન તેમજ બે વખત વર્લ્ડ ચેમ્પિયન સ્કેટર તાતિયાના નાવકા લીડ કરી રહ્યાં છે. તેની સાથે અન્ય ૪ ચેમ્પિયન સ્કેટર્સ પણ આ શોમાં મહત્વના પાત્રો ભજવી રહ્યાં છે. આ શો માટે ૧૦૦ ટનથી વધુ બરફ લાવીને તેના માટે ખાસ સ્કેટિંગ સ્ટેજ તૈયાર કરવામાં આવ્યું છે. શુક્રવારે સાંજે આ શોનું પ્રિમીયર યોજાયું હતું અને શનિવાર તેમજ રવિવારે તેના શો રજૂ થશે. તેમાં લેસર અને ડિજીટલ ટેક્નોલોજીની મદદથી મોટા સેટ પણ તૈયાર કરવામાં આવ્યા છે અને તેના માટે ખાસ સંગીત પણ કમ્પોઝ કરવામાં આવ્યું છે. બરફના સ્ટેજ પર નૃત્યની સાથે અભિનય અને કથન રજૂઆતનો આ પ્રયોગ અમદાવાદમાં નવો છે. અમદાવાદમાં લક્ષ્ય મીડિયા દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. તાતિયાનાએ જણાવ્યું હતું કે ગુજરાતની સંસ્કૃતિ, નૃત્ય અને રંગબેરંગી કપડા વિશે મેં બહુ સાંભળ્યું છે, મને તક મળશે તો ગુજરાતમાં તેનો રૂબરૂ અનુભવ કરવાની ઈચ્છા છે. અમારો આ શો ભારત અને રશિયાના મૈત્રી સંબંધોને એક ડેડિકેશન છે, તેથી તેના સંદર્ભે અમે કેટલાંક ખાસ પર્ફોર્મન્સ પણ આપીશું. અમે ભારતના અન્ય શહેરોમાં પણ અમારો શો લઈ જવા ઈચ્છીએ છીએ. આઈસ ફિગર સ્કેટિંગ શો, ખાસ કરીને અમદાવાદમાં, એક નવીન અને રસપ્રદ ઘટનાઓમાંની એક છે. રશિયાના ૫૦ કલાકારોની ટીમ, જેને ઓલમ્પિક ચેમ્પિયન તાતિયાના નાવકા લીડ કરી રહી છે, એરેબિયન નાઈટ્સની ૧૦૦૧ કથાઓને એક અનોખા અંદાજમાં રજૂ કરે છે.

# કાર્તિકે 'ભૂલભુલૈયા ૪' પણ સાઇન કરી?

### પ્રોડ્યુસર્સને 'ભૂલભુલૈયા ૩'ની સફળતાની ખાતરી હોવાથી ચોથા ભાગની પણ ચર્ચા

આ દિવાળી સિનેમામાં જઈને ફિલ્મ જોનાર દર્શકોને પણ દિવાળી છે, કારણ કે બે મોટી ફિલ્મો 'સિંઘમ અગેઈન' અને 'ભૂલભુલૈયા ૩' રિલીઝ થઈ રહી છે. આ બંને ફિલ્મોનો અલગ ફૅન બેઝ છે અને બંને ફિલ્મો માટે દર્શકો ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યાં છે. સિંઘમ એક્શન સિક્વલ્સથી ભરપૂર ફિલ્મ છે તો ભૂલભુલૈયા ડરાવવાની સાથે હસાવશે પણ ખરી. બંને ફિલ્મો સફળ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મો છે. હવે 'ભૂલભુલૈયા ૩' આવે એ પહેલાં જ તેના આગળના પાર્ટની વાતો અને અફવાઓ શરૂ થઈ ગઈ છે. કેટલાક સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ટી-સિરીઝ અને પ્રોડ્યુસર્સ અત્યારથી જ ત્રીજા ભાગની સફળતાનો વિશ્વાસ ધરાવે છે. એક ઈન્ટરવ્યૂમાં સૂત્ર દ્વારા માહિતિ મળી છે કે,"પ્રોડ્યુસર્સને વિશ્વાસ છે કે ત્રીજો ભાગ કમાણીમાં બીજા ભાગના બધાં જ રેકોર્ડ્ઝ તોડી નાખશે. ચોથા ભાગ પર પહેલાંથી જ વિચારણા શરૂ થઈ ગઈ છે. જેવો ત્રીજો ભાગ રિલીઝ થશે તે ચોથા ભાગનું કામ શરૂ થઈ જશે." આ વાત ફિલ્મ મેકર્સનો વિશ્વાસ દર્શાવે છે. જો આ અફવાઓ માનીએ તો કાર્તિક આર્યને ત્રીજા ભાગની રિલીઝ પહેલાં જ ચોથો ભાગ સાઈન કરી લીધો છે, જે રૂહ બાબા તરીકે જોવા મળશે. આમ આ વાત કાર્તિકમાં મેકર્સનો વિશ્વાસ પણ દર્શાવે છે. સાથે જ દર્શકોએ બે સળગતાં પ્રશ્ન ઉઠાવ્યા છે. હવે આવનારા ભાગમાં મંજુલિકા કોણ હશે અને કાર્તિકની પ્રેમિકા કોણ બનશે? 'ભૂલભુલૈયા ૨'માં તબુએ અંજુલિકા અને મંજુલિકાના બંને રોલ કર્યા હતાં, જ્યારે કિઆરા અડવાણી કાર્તિકની પ્રેમિકા બની હતી. તો આ વખતે હવે 'ભૂલભુલૈયા ૩'માં હવે વિદ્યા બાલન અને માધુરી દિક્ષિત મંજુલિકાના રોલમાં હશે, જેની સાથે રુહ બાબા ટક્કર લેવાના છે. નવી એન્ટ્રીમાં આ વખતે તૃપ્તિ ડિમરી કાર્તિકની પ્રેમિકા તરીકે જોવા મળશે. આ કાસ્ટ અને જકડી રાખતી સ્ટોરી સાથે ફિલ્મ બ્લોકબસ્ટર હોવાનો મેકર્સનો વિશ્વાસ પણ દર્શકોને ફિલ્મ જોવા જવા માટે પ્રોત્સાહન આપશે. કાર્તિક આર્યને 'ભૂલભુલૈયા ૪'Signing કરી છે, જે દર્શાવે છે કે પ્રોડ્યુસર્સ 'ભૂલભુલૈયા ૩'ની સફળતા અંગે વિશ્વાસી છે. આ દિવાળી, સિનેમાના દર્શકો માટે વિશેષ છે, કારણ કે 'સિંઘમ અગેઈન' અને 'ભૂલભુલૈયા ૩' જેવા બે મોટી ફિલ્મો રિલીઝ થઈ રહી છે. બંને ફિલ્મોનું ફૅન બેઝ અલગ છે, અને દર્શકો દ્વારા લાંબા સમયથી રાહ જોઈ રહેલી છે. 'સિંઘમ' એક એક્શન ફ્રેન્ચાઈઝ છે, જ્યારે 'ભૂલભુલૈયા' ફ્રેન્ચાઈઝને ડર અને હાસ્યના સંયોજનથી ઓળખવામાં આવે છે. ત્રીજા ભાગના રિલીઝ પહેલા જ ચોથા ભાગની ચર્ચા અને અફવાઓ શરૂ થઈ ગઈ છે. કેટલાક સૂત્રો અનુસાર, ટી-સિરીઝ અને પ્રોડ્યુસર્સ ત્રીજા ભાગની સફળતાના વિશ્વાસમાં છે. એક ઈન્ટરવ્યુમાં જણાવાયું છે કે, "પ્રોડ્યુસર્સને આ આશા છે કે ત્રીજો ભાગ પુરાણાં બધાં રેકોર્ડ્સ તોડી નાખશે."



# સલમાનના શત્રુ લોરેન્સ બિશ્નોઈના જીવન પર વેબ સિરીઝ બની શકે છે

### છેલ્લા ૧૦ વર્ષથી જેલવાસ ભોગવી રહેલો લોરેન્સ બિશ્નોઈહાલ ૩૨ વર્ષનો છે

બોલિવૂડના દબંગ સ્ટારના કટ્ટર દુશ્મન અને બાબા સિદ્દિકી જેવા કદાવર નેતાના હત્યારા તરીકે લોરેન્સ બિશ્નોઈનું નામ જાણીતું થયું છે. લોરેન્સ બિશ્નોઈની ગેંગે જ કેનેડામાં કુખ્યાત ખાલિસ્તાની નિજ્જરની હત્યા કરી હોવાનું મનાય છે. આ મામલે ભારત-કેનેડા વચ્ચેના સંબંધોમાં ઘણી ખટાશ આવી છે. સોશિયલ મીડિયા પર એક વર્ગ બિશ્નોઈને દેશભક્ત ગેંગસ્ટર ગણાવી રહ્યો છે, જ્યારે બીજો વર્ગ તેને સભ્ય સમાજનો દુશ્મન માને છે. લોરેન્સ બિશ્નોઈ અંગે ચાલી રહેલી ચર્ચાઓનો લાભ મળવાની આશા સાથે તેના જીવન પર વેબસિરીઝ બનાવવાનું આયોજન થયું છે. જાની ફાયરફોક્સ ફિલ્મ પ્રોડક્શન દ્વારા 'લોરેન્સ-એ ગેંગસ્ટર સ્ટોરી' નામથી વેબ સિરીઝ બનાવવાની કવાયત હાથ ધરાઈ છે. સિરીઝના ટાઈટલને ઈન્ડિયન મોશન પિક્ચર્સ એસોસિએશન સમક્ષ રજિસ્ટર કરાવી લેવાયું છે. આ સિરીઝમાં બિશ્નોઈને કોલેજના વિદ્યાર્થીમાંથી ખૂંખાર ગુનેગાર બનાવનારી ઘટનાઓને રજૂ કરવામાં આવશે. લોરેન્સ બિશ્નોઈની ઉંમર હાલ ૩૨ વર્ષની છે અને તે ૨૦૧૪ના વર્ષથી જેલવાસ ભોગવી રહ્યો છે. એટલે કે માત્ર ૨૨ વર્ષની ઉંમરથી જેલમાં છે અને જેલમાં રહીને તે પોતાની ગેંગ ચલાવી રહ્યો છે. ભારત ઉપરાંત વિદેશમાં પણ તેના સાગરિતો છે અને તે જેલમાં રહીને પણ મોટા ગુનાઓને અંજામ આપતો હોવાનું કહેવાય છે. જાની ફાયરફોક્સ ફિલ્મ પ્રોડક્શન્સના વડા અમિત જાનીએ અગાઉ 'ટેઈલર મર્ડર સ્ટોરી' અને 'કરાચી ટુ નોઈડા' જેવા સત્યઘટના આધારિત પ્રોજેક્ટ્સ પર કામ કરેલું છે. લોરેન્સ બિશ્નોઈના જીવન આધારિત સિરીઝને તેઓ કઈ રીતે રજૂ કરશે તે જોવું રસપ્રદ રહેશે. લોરેન્સ બિશ્નોઈએ પંજાબમાં યુનિવર્સિટીના રાજકારણથી શરૂઆત કરી હતી અને ખૂબ ઝડપથી વિદ્યાર્થી નેતા તરીકે ઊભરી આવ્યો હતો. કેમ્પસના ઝઘડા જ તેને ગુનાખોરી તરફ દોરી ગયા અને કોલેજમાં ભણવાની ઉંમરથી તે જેલમાં છે. ૧૦ વર્ષ જેલમાં રહ્યા બાદ પણ તે માત્ર એક ફોનથી દુનિયાના કોઈ પણ ખૂણામાં હત્યા-અપહરણ કે ફાયરિંગ જેવા ગુના કરાવી શકતો હોવાનું કહેવાય છે. બિશ્નોઈ સાથે જોડાયેલી ઘટનામાંથી કેટલી હકીકત છે અને કેટલી કલ્પના છે.



### ઘર જેવું ભોજન પીરસતા રેસ્ટોરન્ટ-કેફે શરૂ કરવાની ઈચ્છા

# ભૂલો કરતી રહીશ, તો વધારે સારું શીખીશ

એક્ટિંગ અને મોડેલિંગ ઉપરાંત પર્સનલ લાઈફના કારણે મલાઈકા અરોરા ચર્ચામાં રહેતી હોય છે. છેલ્લા ઘણાં સમયથી મલાઈકા અરોરા ફિલ્મમાં જોવા મળી નથી, પરંતુ રિયાલિટી શોમાં છવાયેલી રહે છે. મલાઈકા અરોરાની પ્રોફેશનલ અને પર્સનલ લાઈફમાં ઘણાં ઉતાર-ચડાવ આવ્યાં છે. મલાઈકાનું માનવું છે કે, જીવનમાં તેણે ઘણી ભૂલો કરી હશે. જો કે ભૂલો કરતી રહીશ, તો વધારે સારું શીખી શકીશ. મલાઈકા અરોરાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાના જીવનની પસંદગીઓ અંગે વાત કરી હતી. પોતાની શરતો પર જીવનને માણવા બદલ ખુશી વ્યક્ત કરવાની સાથે મલાઈકાએ ભૂતકાળ બદલ કોઈ પસ્તાવો નહીં હોવાનું કહ્યું હતું. ૫૦ વર્ષીય મલાઈકા પોતાના જીવનથી અને તેમાં આવેલા પરિવર્તનોથી ખુશ છે. આ સાથે તેણે વધારે સારું શીખવાનો અને ભૂલો કરતા રહેવાનો ઈરાદો પણ વ્યક્ત કર્યો હતો. મલાઈકાએ કહ્યું હતું કે, પર્સનલ અને પ્રોફેશનલ લાઈફમાં મેં કરેલી દરેક પસંદગી પર મને વિશ્વાસ છે. તેના કારણે જ મારું જીવન ઘડાયું છે. જીવનમાં કોઈ પસ્તાવો રાખવાના બદલે મલાઈકા પોતાની જાતને ભાગ્યશાળી સમજે છે અને જીવનમાં જે કંઈ પણ ઘટનાઓ બને છે તેને ખુલ્લા મને આવકારે છે. મલાઈકા ત્રણ દાયકાથી ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ છે અને ઘણી ફિલ્મોમાં ગેસ્ટ રોલ, સ્પેશિયલ એપિયરન્સ આપેલા છે. જો કે મલાઈકાને મહત્ત્વના રોલ મળ્યા નથી. મલાઈકાને તેના ડાન્સ માટે યાદ કરાય છે, પરંતુ તેના રોલ એવા દમદાર રહ્યા નથી. મલાઈકાની ઈચ્છા ફિલ્મોમાં ફુલ ફ્લેજ્ડ રોલ કરવાની છે, જેથી પોતાની ઈમેજ અને કરિયર બંનેમાં પરિવર્તન આવી શકે. મલાઈકા અત્યારે રેસ્ટોરન્ટ ચેઈન બનાવવા પ્રયાસ કરી રહી છે, જ્યાં હેલ્ધી ફૂડ સર્વ થતું હોય. મલાઈકાએ કહ્યું હતું કે, ઘરનું બનેલું ભોજન હોય તે પ્રકારની ડિશ આપતા રેસ્ટોરન્ટ-કેફે શૂ કરવા છે. આ સાથે એક્સાઈટિંગ શૂટિંગ અને ટ્રાવેલિંગની ઈચ્છા પણ છે. મલાઈકા અને અર્જુન કપૂર વચ્ચે ગયા વર્ષે બ્રેક અપ થયું હોવાનું કહેવાય છે. બેમાંથી કોઈએ આ મામલે કોઈ ખુલાસો કર્યો નથી.



# જલિયાંવાલા બાગ હત્યાકાંડ આધારિત ફિલ્મમાં અક્ષય કુમાર ફરી વકીલ બનશે

અક્ષય કુમારની કરિયર માટે છેલ્લા ત્રણેક વર્ષથી કપરાં ચડાણ છે. જો કે ત્રણ દાયકાની મહેનત બાદ સ્ટારડમ મેળવનારા અક્ષય કુમારના હાથ પરની ફિલ્મોમાં ખાસ ઘટાડો આવ્યો નથી. અક્ષય કુમાર એક્શન અને કોમેડીમાં દર વખતે રંગ જમાવી જાય છે, પણ તેમની ઈમોશનલ ફિલ્મોને ક્યારેક મિક્સ રિસ્પોન્સ મળે છે. જોલી એલએલબી-૨માં અક્ષય કુમારના વ્યંગ અને રમૂજે ફિલ્મને હિટ બનાવી હતી. જોલ એલએલબી ફ્રેન્ચાઈઝીની વધુ એક ફિલ્મ પ્લાન થઈ છે, જેમાં અક્ષય કુમારનો લીડ રોલ છે. આ ફિલ્મનું શૂટિંગ શરૂ થાય તે પહેલાં વકીલ તરીકે અક્ષયની અન્ય એક ફિલ્મની રિલીઝ ડેટ નક્કી થઈ છે. જલિયાંવાલા બાગ હત્યાકાંડ આધારિત આ ફિલ્મમાં અક્ષય કુમારે બાહોશ વકીલનો રોલ કર્યો છે. અક્ષય કુમારની સાથે આ ફિલ્મમાં આર. માધવન અને અનન્યા પાંડે મહત્ત્વના રોલમાં છે. અંગ્રેજ સરકારના અત્યંત ક્રૂર અને ધૃણાસ્પદ જલિયાંવાલા બાગ હત્યાકાંડ આધારિત આ ફિલ્મમાં અક્ષય કુમારે ભારતીય વકીલ અને રાજદ્વારી સી. શંકરન નાયરનો રોલ કર્યો છે. કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સે બનાવેલી આ ફિલ્મની રિલીઝ ડેટ શુક્રવારે જાહેર થઈ હતી. જલિયાંવાલા બાગમાં અંગ્રેજોએ સેંકડો નિઃશસ્ત્ર લોકોની ક્રૂર હત્યા કરી હતી અને આ હત્યાકાંડને સ્વીકારવાનો પણ ઈનકાર કરી દીધો હતો. આઝાદી પૂર્વેના ભારતમાં બનેલી આ ઘટના બાદ ભારતીય બેરિસ્ટરે અંગ્રેજ સરકારને પડકારી હતી. 'ધ કેસ ધેટ શૂક ધ એમ્પાયર' નામના પુસ્તક આધારિત ફિલ્મને ૧૪ માર્ચે રિલીઝ કરવામાં આવશે.કરણ જોહરના પ્રોડક્શન હાઉસે રિલીઝ ડેટ શેર કરતી વખતે ફિલ્મ અંગે માહિતી આપી હતી કે, આ અનટાઈટલ્ડ ફિલ્મમાં બ્રિટિશ એમ્પાયર સામે ભારતના ટોચના બેરિસ્ટર સી. શંકરન નાયરે આપેલી લડતને રજૂ કરવામાં આવી છે, જેના કારણે આખી બ્રિટિશ સરકાર હચમચી ગઈ હતી. આ ફિલ્મ સત્ય ઘટનાઓથી પ્રેરિત છે. ફિલ્મમાં અક્ષયના રોલની માહિતી બહાર આવી છે.








મરાઠી ફિલ્મ પાનીના સ્ક્રીનિંગમાં પ્રિયંકા ચોપરા જોનાસ અને અન્ય




પોટલ ફિલ્મનું ટ્રેલર લોન્ચ.



મુંબઈઃ ડાન્સર અને મોડલ નતાસા સ્ટેનકોવિક યવેસ સેન્ટ લોરેન્ટના લોન્ચિંગમાં હાજરી આપી હતી.




મુંબઈઃ અભિનેત્રી સોનાલી બેન્દ્રે શનિવારે મુંબઈના એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે ફોટા માટે પોઝ આપ્યા.




મુંબઈઃ અભિનેત્રી તેજસ્વિની પ્રકાશ શનિવારે મુંબઈના એરપોર્ટ પર આવી ત્યારે ફોટા માટે પોઝ આપ્યો હતો.







નવી દિલ્હી ખાતે અભિનેત્રી શોભિતા ધુલીપાલાએ FDCI ઇંડિયા કોચર વીક ૨૦૨૪ દરમિયાન રેમ્પ પર ચાલતી વખતે ડિઝાઈનર રિમઝિમ દાદુનાએ કલેક્શનનું પ્રદર્શન કર્યું હતું.



મુંબઈઃ ખુશી કપૂર સ્ટેનકોવિક યવેસ સેન્ટ લોરેન્ટના લોન્ચિંગમાં હાજરી આપી હતી.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મલાવીમાં શ્રી રાધા કૃષ્ણ મંદિરની મુલાકાત લીધી





રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અલ્જેરિયા, મોરિટાનિયા અને મલાવીની તેમની એક સપ્તાહની ત્રણ રાષ્ટ્રોની મુલાકાત પૂર્ણ કર્યા પછી નવી દિલ્હી જવા રવાના થશે.

### સિનવારને માર્યા બાદ નેતન્યાહૂનો હુંકાર

## ‘યુદ્ધ કાલે જ પૂરું કરી દઈશું, બસ એક શરત માની લે હમાસ’

### સિનવાર ગત વર્ષે ૭ ઓક્ટોબરે ઈઝરાયલમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઇન્ડ હતો

। (એજન્સી) ઈઝરાયલ, તા.૧૯ ।

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ મોટી જાહેરાત કરી છે. નેતન્હાહૂએ હમાસ નેતા યાહ્યા સિનવારની મોત બાદ ગાઝાના લોકોને સંબોધિત કર્યુ. જેમાં કહ્યુ કે, જો હમાસ ઈઝરાયલ બંધકોને પરત કરવા અને હથિયાર મૂકવા રાજી થઈ જાય તો કાલે યુદ્ધ સમાપ્ત થઈ જશે. હવે જોવાનું રહ્યું કે, શું હમાસ બેન્જામિન નેતન્યાહૂના આ પ્રસ્તાવને માને છે? જણાવી દઈએ કે, યાહ્યા સિનવારને ઈઝરાયલ સેનાએ ૧૭ ઓક્ટોબરે ખાતમો કરી દીધો હતો. સિનવાર ગત વર્ષે ૭ ઓક્ટોબરે ઈઝરાયલમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. ઈઝરાયલે ઠીક એક વર્ષ ૧૦ દિવસ બાદ સિનવારને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો. આ સાથે બે અન્ય આતંકવાદી પણ માર્યા ગયાં. પોતાના સત્તાવાર એક્સ એકાઉન્ટ પર વીડિયો મેસેજમાં બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે, યાહ્યા સિનવારની મોત થઈ ચુક્યું છે. ઈઝરાયલના બહાદુર સૈનિકોએ તેને મોતને ઘાટ ઉતારી દીધો છે. જોકે, આ ગાઝામાં યુદ્ધનો અંત નથી, પરંતુ આ તો ફક્ત શરૂઆત છે. ગાઝાના લોકોને મારો સીધો સંદેશ છે કે, યુદ્ધ કાલે ખતમ કરી દઈશું પરંતુ હમાસ પોતાના હથિયાર હેઠા મૂકી દે અને ઈઝરાયલ બંધકોને પરત કરી દે. નેતન્યાહૂએ જાણકારી આપી કે, હમાસે ગાઝામાં ૧૦૧ લોકોને બંધી બનાવીને રાખ્યા છે. તેમાં ઈઝરાયલ સહિત ૨૩ દેશોના નાગરિક સામેલ છે. ઈઝરાયલ આ તમામને પરત લાવવા માટે પ્રતિબદ્ધ છે. બંધકોને પરત લાવનારની સુરક્ષાની ગેરંટી ઈઝરાયલ લે છે. નેતન્યાહૂએ બંધકોને પકડનારને ચેતાવણી આપી છે કે, ઈઝરાયલ સતત તેમનો પીછો કરી રહ્યું છે. બંધકોને નુકસાન પહોંચાડનારને ઈઝરાયલ શોધી કાઢશે. નેતન્યાહૂએ કહ્યું કે, આપણી આંખોની સામે ઈરાન સમર્થિત આતંકનો નાશ થઈ રહ્યો છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આગળ કહ્યું કે, નસરલ્લાહ પણ ખતમ થઈ ગયો. મોહસિન પણ મરી ગયો. હાનિયા, દીફ અને સિનવારનો પણ ખાતમો થઈ ચુક્યો છે. ઈરાને પોતાના તરફથી સીરિયા, લેબેનોન અને યમનના લોકો પર જે આતંકનું રાજ થોપવામાં આવ્યો છે, તે ખતમ થઈ જશે. મધ્ય પૂર્વમાં શાંતિ અને સારા ભવિષ્યની ચાહત રાખનાર લોકોએ એકજૂટ થવું પડશે.



### ચૂંટણી પહેલાં અમેરિકાના પૂર્વ પ્રમુખ ટ્રમ્પનું મોટું નિવેદન

## રશિયા સામે યુદ્ધ વોલોડીમીર ઝેલેન્સ્કીએ શરૂ કર્યું હતું

### આ ઉપરથી તેવું પણ અનુમાન બંધાઈ રહ્યું કે, જો ટ્રમ્પ પ્રમુખપદે ચાલશે તો તેઓ યુક્રેનને સહાય બંધ કરશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ વૉલોડીમીર ઝેલેન્સ્કી ઉપર સીધો પ્રહાર કરતાં કહ્યું હતું કે હકીકતમાં ઝેલેન્સ્કીએ જ રશિયા સાથે યુદ્ધ શરૂ કરી દીધું હતું. આ ઉપરથી તેવું પણ અનુમાન બંધાઈ રહ્યું કે, જો ટ્રમ્પ પ્રમુખપદે ચાલશે તો તેઓ યુક્રેનને સહાય બંધ કરશે, કાં તો ઓછી કરી નાખશે. ગુરૂવારે પેટ્રિક બેટ ડેબડ સાથે પીબીડી પોડકાસ્ટ પર મુકેલાં પોતાનાં મંતવ્યમાં ટ્રમ્પે કહ્યું હતું કે ઝેલેન્સ્કી દુનિયાનો મોટામાં મોટો સેલ્સમેન છે. તે અમેરિકાને સમજાવી પટાવી ૨૦૨૨માં યુદ્ધ શરૂ થયું ત્યારથી હજી સુધીમાં અબજોના અબજો ડૉલર્સની અમેરિકા પાસેથી શસ્ત્ર અને અન્ય સહાય મેળવી લીધી છે.આ સાથે તેઓએ યુક્રેનના પ્રમુખ ઉપર રશિયા સાથે શાંતિ સમજૂતી નહીં સાધવાનો આક્ષેપ મુકતાં કહ્યું હતું કે, રશિયા સાથે શાંતિ-સાધવા માટે તેમણે જમીનના થોડા ટુકડા આપી દેવા જોઈએ. પરંતુ કીવ તે સૂચન અસ્વીકાર્ય ગણે છે.ટ્રમ્પે તેઓના તે પોડકાસ્ટમાં ઝેલેન્સ્કી ઉપર આક્ષેપ મુકતાં કહ્યું હતું કે તેઓ યુદ્ધ અટકાવવા માટે તો પ્રયત્નો નથી કરતા તેઓએ તો યુદ્ધ શરૂ કર્યું હતું. આ સાથે ટ્રમ્પે તેવી પણ સ્પષ્ટતા કરી હતી કે, સારાં કહેવાનો અર્થ તે નથી કે હું યુક્રેનને સહાય કરવા માગતો નથી. પરંતુ નક્કર હકીકત તે છે કે આ યુદ્ધમાં તેઓ પરાજિત થઈ જશે. તેઓએ યુદ્ધ શરૂ કરવાની જરૂર જ ન હતી.ઝેલેન્સ્કી અમેરિકા ગયા ત્યારે તેઓ ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા હતા, અને તેઓને તેમનો વિક્ટરી પ્લાન દર્શાવ્યો હતો. સપ્ટેમ્બરમાં બંને નેતાઓ વચ્ચે ન્યૂયોર્કમાં યોજાયેલી મંત્રણાને બંને નેતાઓએ ઉષ્માભરી અને મિત્રતા સભર કહી હતી.ટ્રમ્પનાં આ વિધાનો ઉપરથી એમ લાગે છે કે જો તેઓ પ્રમુખ પદની ચૂંટણીમાં વિજયી થશે તો યુક્રેનને સહાય ઘટાડી નાખશે, કદાચ બંધ પણ કરી દેશે. તેઓએ પહેલાં પણ આવા નિર્દેશો આપ્યા હતા.બીજી તરફ કમલા હેરિસે યુક્રેનને પૂરે પૂરૂં સમર્થન આપવા વચન આપ્યું છે. અને કહ્યું છે કે તે પૂર્વ યુરોપીય દેશ અમેરિકાની રાષ્ટ્રીય સલામતી માટે અત્યંત મહત્ત્વનો છે.




## રશિયા-યૂક્રેન વચ્ચે યુદ્ધમાં હવે દ.કોરિયાએ ઝંપલાવ્યું

। (એજન્સી) યુક્રેન, તા.૧૯ ।

યુક્રેન અને રશિયા વચ્ચે છેલ્લા બે વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે, ત્યારે હવે આ યુદ્ધમાં ત્રીજા દેશની એન્ટ્રી થવાનો દાવો સામે આવતા ખળભળાટ મચ્યો છે. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ કહ્યું છે કે, ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોન ઉન યુક્રેન વિરુદ્ધ યુદ્ધ લડવા માટે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મદદ કરશે અને ૧૨૦૦૦ સૈનિકો મોકલશે.આ પહેલા યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી એ દાવો કર્યો હતો કે, અમારા દેશ સામે લડવા માટે ઉત્તર કોરિયા ૧૦ હજાર સૈનિકોને તાલીમ આપી રહ્યું છે. કેટલાક ઉત્તર કોરિયન સૈનિકોને તહેનાત પણ કરી દેવાયા છે. આ દાવા બાદ રશિયા-યુક્રેન યુદ્ધમાં ત્રીજા દેશની એન્ટ્રી થઈ શકે છે. જો આવું તશે તો ઉત્તર કોરિયા અને પશ્ચિમ વચ્ચે તણાવ વધી શકે છે.દક્ષિણ કોરિયાની રાષ્ટ્રીય ગુપ્તતચર સેવા એ એક સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, ‘રશિયન નૌકાદળના જહાજોથી આઠથી ૧૩ ઓક્ટોબર વચ્ચે ઉત્તર કોરિયાના વિશેષ ઓપરેશન દળના ૧૫૦૦ સૈનિકોને મોકલવામાં આવ્યા છે. આ સૈનિકોને રશિયાના બંદર વ્લાદિવોસ્તોક મોકલવામાં આવ્યા છે. ટુંક સમયમાં ઉત્તર કોરિયાના વધુ સૈનિકોને રશિયામાં મોકલવાની સંભાવના છે.એનઆઈએસના નિવેદન મુજબ ઉત્તર કોરિયાના સૈનિકોને રશિયન વર્દી, હથિયાર અને નકલી ઓળખ ડોક્યુમેન્ટ અપાયા છે. હાલ આ સૈનિકોને વ્લાદિવોસ્તોક સહિત અન્ય રશિયન સેનાના ઠેકાણાઓ પર રખાયા છે, જેમને તાલીમ આપ્યા બાદ યુદ્ધમાં મોકલવાની સંભાવના છે.દક્ષિણ કોરિયાની સમાચાર એજન્સી યોનહાપે દાવો કર્યો છે કે, ઉત્તર કોરિયાએ કુલ ૧૨ હજાર સૈનિકોને રશિયા મોકલવાનો નિર્ણય કર્યો છે. જોકે એનઆઈએસએ આ અહેવાલોની પુષ્ટી કરી નથી. બીજીતરફ રશિયાના સંરક્ષણ મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, અમારો દેશ વ્યૂહાત્મક પરમાણુ દળોના મિસાઈલ યુનિટની તૈયારીનું પરીક્ષણ કરી રહ્યું છે.

## પાકિસ્તાનઃ લાહોરની કોલેજમાં દુષ્કર્મની ઘટના મુદ્દે હિંસા

### આ ઘટના મુદ્દે વિદ્યાર્થીઓ રોષે ભરાયા છે અને રસ્તાઓ ઉપર ઉતરી આવી ભારે હોબાળો મચાવી રહ્યા છે

। (એજન્સી) લાહોર, તા.૧૯ ।

પાકિસ્તાનના લાહોરની એક કૉલેજમાં દુષ્કર્મની ઘટના મામલે ભારે ધમાલ મચી છે. આ ઘટના મુદ્દે વિદ્યાર્થીઓ રોષે ભરાયા છે અને રસ્તાઓ ઉપર ઉતરી આવી ભારે હોબાળો મચાવી રહ્યા છે. બીજીતરફ સુરક્ષાને ધ્યાને રાખી પાકિસ્તાનના પંજાબની તમામ સ્કૂલો અને યુનિવર્સિટીઓ બે દિવસ માટે બંધ કરવાનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. કૉલેજમાં થયેલી દુષ્કર્મની ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ અનેક સ્કૂલો અને કૉલેજોમાં તણાવ જોવા મળી રહ્યો છે. ઘટના સામે આવ્યા બાદ ચાર શહેરોમાં વિદ્યાર્થીઓએ રસ્તા ઉપર ઉતરી આવી ઉગ્ર દેખાવો શરૂ કરી દીધા છે. વિદ્યાર્થીઓના એક ટોળાએ રાવલપિંડીની એક કૉલેજ ભવનને ભારે નુકસાન કર્યુ છે.દેખાવો ઉગ્ર બન્યા બાદ વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે અનેક સ્થળે ઘર્ષણ થયું છે, જેમાં ૬૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

પંજાબ પ્રાંતના ગુજરાતમાં બુધવારે દેખાવકારો અને પોલીસ વચ્ચે અથડામણ થઈ છે, જેમાં એક સુરક્ષા કર્મચારીનું મોત થયું છે. આ મામલે પોલીસે એક વ્યક્તિની ધરપકડ પણ કરી છે. દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓએ અનેક રસ્તાઓ બ્લોક કરવાની સાથે અનેક વાહનોને આગ ચાંપી દીધી છે.બીજીતરફ સરકાર અને પોલીસે લાહોરની ખાનગી પંજાબ ગ્રુપ ઓફ કૉલેજના પરિસરમાં દુષ્કર્મની ઘટના થઈ હોવાનો ઈન્કાર કરી દીધો છે. પંજાબ પોલીસે ૮ સપ્ટેમ્બર કહ્યું કે, હિંસક વિરોધ પ્રદર્શન મામલે પ્રાંતમાંથી ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે.

બીજીતરફ પંજાબ પોલીસના એક પ્રવક્તાએ દાવો કર્યો છે કે, ધરપકડ કરાયેલા અનેક વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી બાંહેધરી પત્ર લીધા બાદ છોડી મુકવામાં આવ્યા છે.દરમિયાન લાહોરમાં આવેલી પંજાબ કૉલેજ ફોર વિમેનમાં એક સુરક્ષા ગાર્ડે વિદ્યાર્થીની પર કથિત દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના સોશિયલ મીડિયા પર આગની જેમ ફેલાઈ હતી.

**વિશેષ** — ગૂજરાત વિદ્યાપીઠના ૧૦૫ મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

# પૂ. ગાંધીજીએ સૂચવેલા સત્ય, અહિંસા, અપરિગ્રહ જેવા મૂલ્યો હશે તો જ દુનિયા સુખ અને શાંતિથી જીવી શકશે : શ્રી આચાર્ય દેવવ્રતજી

### ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટનું લોકાર્પણ : ગાંધી વિમર્શના આઠ પુસ્તકોનું વિમોચન કરાયું : કવિ શ્રી તુષાર શુક્લએ લખેલા પ્રાકૃતિક કૃષિ ગીતનું પણ લોકાર્પણ

। (માહિતી) ગાંધીનગર ।

પૂજ્ય મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના ૧૦૫ મા સ્થાપના દિવસે વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આત્મા શરીર વિના રહી શકે છે, શરીર આત્મા વિના રહી શકતું નથી. એમ અક્ષરજ્ઞાન વિના દુનિયા રહી શકે છે, પરંતુ પૂજ્ય ગાંધીજીએ સૂચવેલા સત્ય, અહિંસા, અસ્તેય, સદાચાર, સંયમ અને અપરિગ્રહ નહીં હોય તો સમાજ નહીં બચી શકે. આ મૂલ્યો હશે તો જ દુનિયા સુખ અને શાંતિથી જીવી શકશે. આધ્યાત્મિક વિકાસ જ જીવનને પૂર્ણતા આપે છે, એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પૂજ્ય ગાંધીજી ઈચ્છતા હતા કે, ગૂજરાત વિદ્યાપીઠમાં ભણનારા દીકરા-દીકરીઓ ચારિત્ર્યવાન બને, ધર્માત્મા અને જીતેન્દ્રિય બને. પરોપકારી, સેવક અને દયાળુ હોય. તેમના હૃદયમાં રાષ્ટ્ર પ્રત્યે દેશભક્તિનો ભાવ હોય. ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આવા મૂલ્યોને લઈને આગળ વધે એવી અભ્યર્થના શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્થાપના દિવસે વ્યક્ત કરી હતી.




શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પૂજ્ય ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠનું ધ્યેય વાક્ય છે - ‘સા વિદ્યા યા વિમુક્તયે’. જે વિદ્યા આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક તાપોથી છુટકારો આપે અને માનવને સંપૂર્ણ વ્યક્તિત્વ પ્રદાન કરીને આદર્શ મનુષ્ય બનાવે એ જ સાચી વિદ્યા. પૂજ્ય બાપુના વિચારો વૈદિક અને ઋષિ પરંપરાના વિચારો હતા એમ કહીને તેમણે કહ્યું કે, વિદ્યા બે પ્રકારની હોય છે; પરાવિદ્યા અને અપરાવિદ્યા. અભ્યાસક્રમની વિદ્યા, કે જેનાથી મનુષ્ય જીવન સુખમય, સરળ અને આરામદાયક બને છે એ વિદ્યા તે અપરાવિદ્યા અને અહિંસા, સત્ય, અસ્તેય,અપરિગ્રહ, બ્રહ્મચર્ય, સંતોષ અને સંયમ તે પરાવિદ્યા. પૂજ્ય બાપુ આવા મૂલ્યવાન માનવનું નિર્માણ ઈચ્છતા હતા.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ તરીકે કાર્યભાર સંભાળ્યો તેને ૨૦ મી ઓક્ટોબરે બે વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, ગૂજરાત વિદ્યાપીઠ ટ્રસ્ટી મંડળના સૌ મહાનુભાવો, કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ, વિદ્યાપીઠના તમામ અધ્યાપકો, સેવકગણ અને તમામ વિદ્યાર્થીઓના પ્રયત્નોથી હું વિદ્યાપીઠમાં મોટું પરિવર્તન જોઈ રહ્યો છું. અગાઉ અહીં જ મેં નિરાશા અને હતાશાનું વાતાવરણ તથા કર્તવ્યપરાયણતાનો અભાવ અનુભવ્યો છે. મનને પીડા પહોંચે એટલી ગંદકી જોઈ છે. પરંતુ હવે ગૂજરાત વિદ્યાપીઠે વિકાસની જે દિશા પકડી છે તે જોઈને લાગે છે કે, આપણા સૌ પ્રતિ પૂજ્ય બાપુનો સ્નેહ વરસી રહ્યો હશે. એક મિશન સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. તેમણે ગૂજરાત વિદ્યાપીઠના સંચાલન સાથે જોડાયેલા સૌ કોઈને અભિનંદન આપ્યા હતા. શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટનું લોકાર્પણ કર્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી વિદ્યુત જોષી, પ્રેમ આનંદ મિશ્રા, મંજુલા લક્ષ્મણ, નિપા શાહ, ડૉ. શેતલ બરોડિયા, પુનિતા અરુણ હરણે, એમ.એચ. મહેતા અને ડૉ. હિમાની બક્ષી લિખિત ગાંધી વિમર્શના અલગ અલગ આઠ પુસ્તકોનું વિમોચન પણ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠની પરિચય પુસ્તિકા પણ આ પ્રસંગે પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

**ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ગ્રામ જીવન યાત્રા - તારીખ ૨૧ થી ૨૬**

ઑક્ટોબર દરમ્યાન ગુજરાતના ૧૮,૦૦૦ ગામોમાં પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન અંતર્ગત ગ્રામજનો અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન આપશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મહાનુભાવોએ આ ગ્રામ જીવન યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન માટે ગુજરાતી ભાષાના જાણીતા કવિ શ્રી તુષાર શુક્લએ પ્રાકૃતિક કૃષિ ગીત લખ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ ગીત લોકાર્પણ કર્યું હતું.

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલે સ્વાગત ઉદબોધનમાં કહ્યું હતું કે, ‘વિદ્યાર્થી ત્યાં વ્યવસ્થા’ના ઉદ્દેશ સાથે ગુજરાત વિદ્યાપીઠમાં સ્વચ્છતા, સહયોગ, સ્વાવલંબન અને સગવડને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. તેમણે વિદ્યાપીઠના સ્થાપના દિવસના સંદર્ભે ૧૮ અને ૧૯ ઓક્ટોબર, બે દિવસ દરમિયાન યોજાયેલા વિવિધ કાર્યક્રમોની રૂપરેખા આપી હતી. અંતમાં વિદ્યાપીઠના કાર્યકારી કુલસચિવ શ્રી ડૉ. નિખિલ ભટ્ટે આભાર વિધિ કરી હતી.

આ અવસરે ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી કૃષ્ણ કુલકર્ણી, શ્રી દિલીપભાઈ ઠાકર, શ્રી ચંદ્રવદનભાઈ શાહ, શ્રી સુરેશભાઈ રામાનુજ અને શ્રી વિશાલભાઈ ભાદાણી ઉપસ્થિત રહ્યા હતા.

### ન્યૂઝ બ્રિફ

## રાજકોટમાંથી વધુ એક વચેટીયો રૂ.30 હજારની લાંચ લેતા ઝડપાયો

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટમાં એક તરફ ટીઆરપી ગેમઝોનમાં થયેલા અગ્નિકાંડમાં ૨૭ લોકોના મોત બાદ મહાનગર પાલિકાનું ફાયર વિભાગ ફૂંકી ફૂંકીને ડગલાં ભરી રહ્યું છે પણ બીજી બાજુ તેના જ વિભાગમાં કેટલાક અધિકારીઓ બેખૌફ બનીને લાંચ માંગતા અગાઉ ઝડપાઈ ગયા છતાં હજુ અધિકારીઓ અને કર્મચારીઓ સુધરવાનું નામ નથી લેતાં ત્યાં હાલમાં રેસકોર્સ ખાતે ચાલતાં પ્રોપર્ટી એક્સ્પોમાં સ્ટોલની ફાયર એનઓસી અપાવવા વચેટીયો ૩૦ હજારની લાંચ લેતા ઝડપાયો છે. ગઈકાલે મોડી સાંજે જામનગર એસીબીની ટીમે ખાનગી કંપનીના કર્મચારીને નાણાવટી ચોક પાસેથી રંગેહાથ ઝડપી લીધો હતો. મળતી માહિતી મુજબ, હાલ રેસકોર્ષમાં ચાલી રહેલ પ્રોપર્ટી એક્સપો ૨૦૨૪ માટે ફરિયાદીને ટેમ્પરરી ડોમનું નિર્માણ કરવાનું હોય જે માટે તેમને ફાયર એનઓસી મેળવવાની હોય જેમની જાણ આરોપીને થતાં તેણે ફરિયાદીનો સંપર્ક કરી જણાવેલ કે, પોતાની રાજકોટ ફાયર વિભાગમાં એનઓસી એપ્રુવ કરનારા અધીકારીઓ સાથે સંબંધ છે અને ફરિયાદીને જો એનઓસી મંજૂર કરાવવી હોય તો તેણે કાયદેસરની ફી ઉપરાંત રૂ.૩૦ હજાર પોતાને ચુકવવા પડશે જેથી તે રાજકોટ કોર્પોરેશનના ફાયર વિભાગમાં નાણાકીય વ્યવહાર કરી કામ કરાવી આપશે.

## અમદાવાદ ગ્રામ્યની ૧.૭ કરોડની ચોરીમાં મિત્ર જ દગાખોર નીકળ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ જિલ્લાના સરગવાળા ગામે થયેલી ૧ કરોડ ૭ લાખની ચોરી મામલે બે આરોપીઓની અમદાવાદ ગ્રામ્ય એલસીબી પોલીસે ધરપકડ કરી છે. ચોરીના એક અઠવાડિયામાં ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીઓની ધરપકડ કરી ચોરીનો તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે ચોરીનો ગુનો ઉકેલવામાં પોલીસને મદદ કરનાર જ આરોપી નીકળ્યો અને ડોગ સ્કવોડની મદદથી પોલીસ મુખ્ય આરોપી સુધી પહોંચી હતી.અમદાવાદ ગ્રામ્ય એલસીબીની ગિરફતમાં ઉભેલા આ બંને આરોપી ના નામ બુધાભાઈ સોલંકી અને વિક્રમ સોલંકી છે. જે બંને આરોપી કોઠ પાસે આવેલા સરગવાળા ગામના છે. પોલીસે બંને બુધાભાઈ સોલંકી અને વિક્રમ સોલંકી આરોપીઓની ચોરીના ગુનામાં ધરપકડ કરી છે. આ બંને બુધાભાઈ સોલંકી અને વિક્રમ સોલંકી આરોપીઓએ ભેગા મળી એક અઠવાડિયા પહેલા ઉદેસંગ નામના ખેડૂતના ઘરમાં ૧ કરોડ ૭ લાખની ચોરીને અંજામ આપ્યો હતો. ફરિયાદી નવરાત્રીની આઠમના દિવસે તારાપુર ખાતે ગયા હતા. તે સમયે બંને આરોપીઓએ ભેગા મળી ઘરની દીવાલ તોડી ઘરમાં રહેલા રોકડા રૂપિયાની ચોરી કરી હતી અને ઝડપાયેલા આરોપી બુધા સોલંકી એ જ ચોરી અંગે પોલીસને જાણકારી પણ આપી હતી.ખેડૂતે પોતાની જમીન વેચી રોકડા રૂપિયા અનાજના કોઠાર માં છુપાવી ને રાખ્યા હતા. જો કે બુધો સોલંકી હમેશા ફરિયાદીની સાથે રહેતો હોવાથી તેને રૂપિયા ક્યાં છુપાવ્યા છે તે અંગેની માહિતી હતી.

### ૭ શિક્ષકોએ જાતે જ રાજીનામું આપી દીધું

# મનફાવે તેમ ગેરહાજર રહેતા શિક્ષકો પર સરકારની કડકાઈ

### ગાંધીનગર જિલ્લામાં એક શિક્ષકને નોકરી પર ફરી બોલાવાયા અને ચાર શિક્ષકોને બરતરફ કરાયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

રાજ્યભરમાં શિક્ષકો કારણ વગર લાંબા સમયથી ગેરહાજર રહેતાં હોવાના અનેક અહેવાલો સામે આવ્યા હતાં. ઘણાં શિક્ષકો તો જાણ બહાર વિદેશ જતાં રહ્યાનો પણ ઘટસ્ફોટ થયો હતો. જેને પગલે સરકારે આવા તમામ શિક્ષકો સામે વિવિધ જિલ્લામાં કડક એક્શન લેવામાં આવી રહ્યાં છે. જે દરમિયાન ગાંધીનગર જિલ્લામાં પણ કારણ વિના ગેરહાજર રહેતાં પ્રાથમિક વિભાગના શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી હેઠળ એક શિક્ષકને નોકરી પર ફરી હાજર કરવામાં આવ્યા છે અને ચાર શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વિદેશ ગમન સહિતના કિસ્સાઓમાં સાત શિક્ષકો દ્વારા નોકરી પર હાજર થવાના બદલે રાજીનામા આપી દેવાતા તેનો સ્વીકાર કરી લેવાયો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. પિયુષ પટેલે જણાવ્યું, કે છેલ્લી નોટિસ હોવા છતાં હાજર નહીં થયેલાં શિક્ષકોને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકાની ઉવારસદ કુમાર પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક ચૌધરી નિર્મલાકુમારી અમૃતલાલ, ગાંધીનગર તાલુકાના ટીંટોડી પ્રાથમિકા શાળાના મદદનીશ શિક્ષક ગઢવી રાજેશકુમાર દાદુભાઈ, કલોલ તાલુકાની વાંસજડા(ક) પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક મોદી પ્રિયંકાબેન જયંતીલાલ અને કલોલ તાલુકાની ઉનાલી પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક પટેલ રૂપલબેન નટવરભાઈનો સમાવેશ થાય છે. આ તમામ શિક્ષકો સામે ગુજરાત પંચાયત સેવાના શિસ્ત અને અપિલના નિયમો તથા નાણાં વિભાગના ગેઝેટ ૨૦૦૬ના જાહેરનામાં અનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.

શાળાઓમાં ગેરહાજર રહેવામાં ૧૬ શિક્ષકોના નામ ખુલ્યાં હતાં, જેમાં ૧૨ કિસ્સાઓમાં શિક્ષકો એક વર્ષથી વધુ સમયથી ગેરહાજર હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે શિસ્ત ભંગની કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, ૧૬ માંથી ૭ શિક્ષકોએ જાતે જ રાજીનામું આપી દેતાં તેમના રાજીનામાનો સ્વીકાર કરી લેવાયો છે. આ સિવાય અંતિમ નોટિસના પગલે અડાલજ કુમાર પ્રાથમિક શાળાના એચટાટ આચાર્ય સેન્દાણે રોમાબેન નરેન્દ્રકુમાર હાજર થતાં તેમને નોકરી પર પરત લેવાયા હતાં. વિદેશ ગમન સહિતના કિસ્સામાં વગર રજાએ ગેરહાજર રહ્યા બાદ અંતિમ નોટિસ અપાયાના પગલે સાત શિક્ષકોએ રાજીનામું આપીને નોકરીને પડતી મૂકી હતી. તેમાં કલોલની કાંઠા શાળાના કવિતાબેન ચતુરભાઈ, ખાત્રજ શાળાના અમિતાબેન મણીભાઈ, શેરીસા શાળાના ગીરાબેન વિષ્ણુભાઈ, માણસાની બોર શાળાના નિકિતાબેન પ્રહલાદભાઈ, બાપુપુરા શાળાના ઈન્દિરાબેન જયંતિભાઈ, દહેગામની માછંગમોટી શાળાના નીતાબેન રાજુભાઈ અને ગાંધીનગરની વડોદરા લાટ શાળાના રીમાબેન રમેશભાઈનો સમાવેશ થાય છે.

### પિતાનું બ્રિજ પર અકસ્માતમાં મોત

## સુરતમાં પુત્રના જન્મનો આનંદ શોક બની ગયો

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરત શહેરમાં તાપી નદી ઉપરના જીલાની બ્રિજ પર અકસ્માત સર્જાયો હતો. બાઈક સ્લીપ થતાં લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના ક્લસ્ટર મેનેજરનું મોત થયું હતું. પુત્રના જન્મના બીજા જ દિવસે પિતાનું અકસ્માતમાં મોત થતા પરિવારમાં ખુશીનો માહોલ શોકમાં તબદીલ થઈ ગયો હતો. સ્મીમેર હોસ્પિટલમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ યુપીમાં આવેલા બનારસના વતની ૩૪ વર્ષીય બિપિન રાજેશભાઈ પાઠક હાલમાં શહેરના અડાજણ ખાતે પાલનપુર પાટિયા પાસે આવેલા સ્વસ્તિક પાર્કમાં પરિવાર સાથે રહેતા હતા, તેમને પાંચ વર્ષની પુત્રી છે અને બે દિવસ પહેલા જ પુત્રનો જન્મ થયો હતો. તેઓ છેલ્લા ૧૨ વર્ષથી વેડરોડ પર આવેલી લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં ક્લસ્ટર મેનેજર તરીકે નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરતાં હતા. ગત તારીખ ૧૬મીના રોજ રાત્રે રાબેતા મુજબ પોતાની બાઈક પર કામ પરથી ઘરે જવા માટે નીકળ્યા હતા. દરમિયાન જીલાની બ્રિજ (ચંદ્રશેખર આઝાદ બ્રિજ) પરથી પસાર થતાં હતા. દરમિયાન બ્રિજ પર બાઈક સ્લીપ થતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર હાલતમાં જ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયા હતા. વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા હતા. જ્યાં તેમનું આજે બપોરે સારવાર વચ્ચે મોત થયું હતું.

### પાર્સલ લૂંટમાં સામેલ ચાર આરોપીઓની ધરપકડ

## અમદાવાદ રેલવે પોલીસ દ્વારા પાર્સલ લૂંટ કેસનો ભેદ ઉકેલાયો

### તલવારો અને ઘાતક હથિયારો સાથે નીકળેલા ઈસમોએ પાર્સલ સહિત ૨૯ લાખથી વધુના મુદ્દામાલની લૂંટ કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

થોડા દિવસ અગાઉ થયેલા લાખો રૂપિયાના પાર્સલની લૂંટનો ભેદ ઉકેલાયો છે.અમદાવાદ રેલવે પોલીસ દ્વારા પાર્સલ લૂંટમાં સામેલ ચાર આરોપીઓની ધરપકડ કરી છે. રેલવે યાર્ડમાં આવેલા લીઝ પાર્સલ હોલ્ડરની ઓફિસમાં બે મોપેડપરતલવારઅનેતીક્ષણહથિયારોલઈને પાંચ જેટલા આરોપીઓ પહોંચ્યા હતા અને લૂંટ ચલાવી હતી. સમગ્ર મામલે પોલીસે તમામ મુદ્દામાલ રિકવરી કરી ચાર આરોપીઓની ધરપકડ કરી છે. વધુ એક આરોપીની શોધખોળ હાથ ધરી છે.

જાહેર રસ્તા પર તલવારો અને ઘાતક હથિયારો સાથે નીકળેલા આ ઈસમો જાણે કે અમદાવાદમાં આતંક મચાવ્યો હોય તેમ અલગ અલગ વિસ્તારોમાં પોતાનો ખોફ જમાવવા ચોરી અને લૂંટ જેવા ગંભીર ગુનાઓને અંજામ આપ્યો છે. આ ગેંગ દ્વારા જ તાજેતરમાં અમદાવાદના રેલવે સ્ટેશન પર આવેલા પાર્સલ વિભાગમાં તલવારો અને અન્ય તીક્ષણ હથિયારો સાથે ભઈનો માહોલ ઉભો કરી લાખો રૂપિયાના પાર્સલોની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. અમદાવાદ રેલવે પોલીસ દ્વારા સીસીટીવી તેમજ અન્ય માહિતીઓને આધારે ચાર આરોપીઓની ધરપકડ કરી લીધી છે. રેલવે પોલીસની ગિરફતમાં રહેલા આસિફ ગાંડી ઉર્ફે આમિરખાન, અયુબ કુરેશી, સિકંદર ઉર્ફે જગો શેખ અને આમિરખાન ઉર્ફે બાબાની લૂંટ અને ધાડ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. રેલવે સ્ટેશન પર આવેલા પાર્સલ ગોડાઉનમાં ધાડ કરીને અતુલ શક્તિ ટેમ્પો તેમજ તેમાં રાખેલા ગારમેન્ટના ૮ પાર્સલ, બોલેરો પિકઅપ ગાડી અને આઈસર ટ્રક તેમજ તેમાં લોડ કરેલા ઈમિટેશન જવેલરીના પાર્સલ સહિત ૨૯ લાખથી વધુના મુદ્દામાલની લૂંટ કરી હતી. આ ગેંગ ઘાતક હથિયારો વડે લૂંટ અને ધાડ કરતા હતા.

રેલવે પોલીસની તપાસમાં સામે આવ્યું કે રેલવે યાર્ડમાં આવેલા લીઝ પાર્સલ હોલ્ડરની ઓફિસમાં બે મોપેડ પર તલવાર અને તીક્ષણ હથિયારો લઈને પાંચ જેટલા આરોપીઓ પહોંચ્યા હતા અને લૂંટ ચલાવી હતી. આ આરોપીઓના હથિયારો સાથેના સોસીયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા છે. જેમને વીડિયો બનાવીને આંતક મચાવ્યો છે. આ ચારેય આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેમાં આરોપી આસિફ ગાંડી વિરુદ્ધ ૨૮ ગુના નોંધાયા છે અને ૫ વખત પાસા કરવામાં આવી છે. જ્યારે અન્ય આરોપી અયુબ કુરેશી વિરુદ્ધ ૧૦ ગુના નોંધાયા છે.

### પોલીસ કમિશનરે એક મહત્વપૂર્ણ આદેશ જાહેર

## કર્મચારી અને સિવિલિયન સ્ટાફે ટુ વ્હીલર વાહન ચલાવતી વખતે હેલ્મેટ ફરજિયાત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ શહેરમાં વધતા જતા ટ્રાફિક અને તેના કારણે થતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ કમિશનરે એક મહત્વપૂર્ણ આદેશ જાહેર કર્યો છે. આ આદેશ અનુસાર, અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા તમામ પોલીસ અધિકારી, કર્મચારી અને સિવિલિયન સ્ટાફે ટુ વ્હીલર વાહન ચલાવતી વખતે ફરજિયાતપણે હેલ્મેટ પહેરવાનું રહેશે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ રોડ અકસ્માતમાં થતાં મૃત્યુની સંખ્યા ઘટાડવાનું છે. NCRB દ્વારા પ્રકાશિત ૨૦૨૨ના આંકડા મુજબ, ભારતમાં કુલ ૧,૭૧,૧૦૦ વ્યક્તિઓના મૃત્યુ રોડ અકસ્માતના કારણે થયા હતા, જેમાંથી ૪૫.૫૧% મૃત્યુ ટુ વ્હીલર વાહનચાલકોના હતા. ગુજરાતમાં ૨૦૨૨માં કુલ ૭,૬૩૪ લોકોના રોડ અકસ્માતમાં મૃત્યુ થયા, જેમાંથી ૪૯.૧૭% મૃત્યુ ટુ વ્હીલર વાહનચાલકોના હતા. આ પગલું માત્ર પોલીસ કર્મચારીઓની સલામતી માટે જ નહીં, પરંતુ સમાજમાં એક ઉદાહરણ સ્થાપિત કરવા માટે પણ લેવામાં આવ્યું છે. પોલીસ કમિશનરે આ આદેશની ચુસ્તપણે અમલવારી કરવા તમામ સુપરવાઈઝરી અધિકારીઓને જવાબદાર ઠેરવ્યા છે. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા જ ગુજરાત હાઈકોર્ટે સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ પહેરવાનું ફરજિયાત બનાવવા અંગે મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા હતો. હાઈકોર્ટ સમક્ષ એડવોકેટ જનરલે જણાવ્યું કે, સરકાર આ અંગે ટૂંક સમયમાં સત્તાવાર સૂચના જાહેર કરશે. ચીફ જસ્ટિસે ટકોર કરતા કહ્યું કે, "લોકોને સમય અને કાયદા બંનેની ભાન કરાવવાની જરૂર છે." તેમણે ઉમેર્યું કે આવા કર્મચારીઓને રોકવાથી તેમને સમયનું પણ ભાન થશે. આ નિર્ણય માત્ર સરકારી કર્મચારીઓ પૂરતો સીમિત નથી.

### વડોદરામાં મગરની રાત્રિ સવારી

## છેલ્લા ચાર દિવસથી રાત્રિના સમયે મગરો બહાર આવે છે

### એક મગર કોઈ વાહનની અડફેટમાં આવી જતા ઈજાગ્રસ્ત

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરામાં છેલ્લા ચાર દિવસથી રાત્રિના સમયે મગરો બહાર આવી જવાના એક પછી એક બનાવ બની રહ્યા છે. કેટલાક સ્થળોએ મગર દેખાતા નથી તો કેટલાક સ્થળોએ રેસ્ક્યુ માટે ટીમ આવે તે પહેલા મગર ઓઝલ થઈ જતા હોય છે.

જ્યાં મગર દખાય છે, ત્યાં સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવે છે. શહેરમાં લાલબાગ વિશ્વામિત્ર બ્રિજ પાસે બે દિવસમાં બે મહાકાય મગર મળી આવ્યા હતા. જ્યારે બીલ અને દેવપુરા વિસ્તારમાં પણ મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. આ દરમિયાન ગઈકાલે મોડી રાતે વડોદરા પાસેના કોટાલી ગામે ૬.૫ ફૂટનો એક મગર ખેતરમાં આવી જતા ગ્રામજનો ભેગા થઈ ગયા હતા. બનાવ અંગે કાર્યકર અરવિંદ પવારને જાણ કરાતા તેમણે ટીમ રવાના કરી મગર રેસ્ક્યુ કરાવ્યું હતું. જીવદયા કાર્યકરનું કહેવું છે કે, પૂરના પાણી ઓસરી ગયા બાદ મગર પોત પોતાની જગ્યાએ પાછા ફરવા માટે સ્થળાંતર કરતા હોય છે. જેને કારણે આ પ્રકારના બનાવ બની રહ્યા છે.

### ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર અકસ્માત

## ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતમાં બે વ્યક્તિના કમકમાટી ભર્યા મોત

। (એજન્સી) અમરેલી, તા.૧૯ ।

અમરેલીમાંથી પસાર થતા ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ફરી એકવાર ગોઝારો અકસ્માત સર્જાયો છે. ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક પર સવાર બે વ્યક્તિના કમકમાટી ભર્યા મોત થયા છે. આ ઘટનાને લઈને પીપાવાવ મરીન પોલીસ ઘટના સ્થળે પહોંચીને કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલા નજીક ટ્રક ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. જેમાં બાઈક પર સવાર બે લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. નોંધનીય છે કે, વાહન ચાલકોમાં અવેરનેસના અભાવે વાંરવાર અકસ્માતની ઘટનાઓ વધી છે. ત્યારે ૨ દિવસ પહેલા રાજુલાના ચારનાળા નજીક બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જોય હતો.





